**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦, ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ–ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| પૂ. મા ભારત પધાર્યાં | તંત્રી | ૪ |
| માનવ જીવન–મહામૂલ્યવાન ભેટ | યોગેશ્વરજી | ૬ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| Youth Speeches | Hemali | ૧૨ |
| સ્વામી વિશુદ્ધાનંદની જ્ઞાનગંજ યાત્રા | શ્રી નંદલાલ ગુપ્તા | ૧૭ |
| ગુરુમંત્ર બદલી શકાય છે | યોગેશ્વરજી | ૨૪ |
| કૃપાનું કિરણ | યોગેશ્વરજી | ૨૬ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૨૭ |
| 21 Days in Bliss | Gopi Bhakta | ૩૩ |
| શાળા તું છે અમારી વ્હાલુડી માવડી | જ્યોત્સ્ના ત્રિવેદી | ૩૮ |
| સ્વામી રામદાસની સ્વીટ્ઝર્લેન્ડની યાત્રા | તંત્રી | ૪૫ |
| મોહન ગિરિધારી | સર્વેશ્વરી | ૫૧ |
| ઈશાવાસ્ય ઉપનિષદ | યોગેશ્વરજી | ૫૩ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |


કશું કંઈ માગતાં પહેલાં
બધું હાજર કરી દે છે,
હરિ તુજ મહેરબાનીની
કરું હું વાત શી રીતે!
**–પૂ. મોટા**

卐

## સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

**વરસોથી વિદેશની ભૂમિ ઉપર વસીને અજાણ્યાને ઓથ ધરનાર, કેન્સર જેવા મહારોગ સામે પૂર્ણ શ્રદ્ધાભક્તિથી ઝઝૂમતા ઝઝૂમતા પણ અન્નપૂર્ણા બની અનેકને તૃપ્ત કરનાર, અતિથિઓ, સત્સંગીઓને અંતરથી આવકારનાર હે રાજજ્યોત્ તમે પ્રેમાળ, ઉદાર, ભક્ત સેવક છો.**

**માતાપિતાને દીપાવનાર હે જ્યોત્સનાબહેન રાજુભાઈ શાહ તમારા સર્વ સાત્ત્વિક સપનાં પાર પડો. હસમુખો સ્વભાવ રક્ષાયેલો રહો.**

**સ્વર્ગારોહણ, સત્યપથના સાચા સ્વજન બની આજે તો આ માસના અંકનો પૂર્ણ આર્થિક સહયોગ આપે ધર્યો છે.**

**પરિવાર સાથે પ્રસન્નતાથી, પ્રેમથી લાંબુ આરોગ્ય સાથેનું જીવન પ્રભુ પ્રેમે રંગાયેલું હજો.**

**ધન્યવાદ, અભિનંદન, આભાર.**

**—મા સર્વેશ્વરી**



# પૂ.મા ભારત પધાર્યાં

**તંત્રી**

પ.પૂ.મા સર્વેશ્વરી કોઈને પણ પૂર્વથી જાણ કર્યા સિવાય અમેરિકાથી સીધાંજ સ્વર્ગારોહણ અંબાજી તા.૧૩/૧૦/૨૦૧૦ના રોજ સાંજે પધાર્યાં. નવરાત્રિવ્રત નિમિત્તે અંબાજી સ્વર્ગારોહણમાં પધારેલ સર્વ સાધક ભાઈબહેનોને લાગ્યું કે તેઓના નવરાત્રિ વ્રતના ફળ સ્વરૂપે જ પૂ.મા આ રીતે આવી ગયાં. આનંદ આનંદ થઈ ગયો. વિશેષ આનંદ તો એ માટે થયો કે પૂ.મા પોતાના તેર કરોડ જપ પૂરા કર્યા પછી ભારત પધારતાં હતાં.

કેટલાક ઉત્સાહી સાધકોએ વિચારેલું કે પૂ.માના ભવ્ય સ્વાગત માટે શું શું કરી શકાય. તે અંગેના કેવા કાર્યક્રમો રાખવા જોઈએ. તેની પૂર્વ તૈયારી રૂપે ગરબા—રાસ વગેરેની પ્રેકટીસ પણ શરૂ કરી દીધેલ. કિન્તુ પૂ.મા તો અમેરિકાથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ એરપોર્ટથી સત્યપથ થઈ અંબાજી સ્વર્ગારોહણ સૌના આશ્ચર્ય વચ્ચે આવી ગયાં!

### પૂ.માએ શું કહ્યું?

પોતાના નવા આવાસમાં પહોંચી સ્વસ્થ થઈ પૂ.મા સાધકો વચ્ચે પધાર્યાં.

તેઓએ જણાવ્યું કે સમય ખરે જ ખૂબ કીંમતી છે. એટલે એને વેડફો નહીં.

જીવનમાં બધાંને બહુ મળ્યા. હવે તમારી જાતને મળો. આત્માભિમુખ બનો.

ઓટલે બેસી ગપ્પાં ના મારો, પણ સાધના કરો. રાજકારણની નકામી વાતોમાં સમય ના બગાડો.

પરદેશના ૬ માસના નિવાસ દરમ્યાન ૬૦ માણસોથી પણ વધુ વ્યક્તિઓને પૂ.મા મળ્યાં નથી.

કુટિયામાં કે તેની પાસે બેસીને શાંતિથી સાધના કરી શકાય.

પૂ.માનો રોજનો પાંચ કલાક પ્રાર્થનાનો નિયમ છે. તો પ્રાર્થના કરો.

પૂ.મા હસવાનું કે હસાવવાનું ભૂલી ગયાં નથી, પરંતુ આજે લાંબી યાત્રા થઈ એટલે આટલું બસ. (સાધકની નોંધમાંથી)

આ વખતે સ્વર્ગારોહણમાં પૂ.માનું દર્શન વહેલી સવારે એટલે પાંચથી છ અને રાત્રે દસની આસપાસ પૂ.મા ફરતાં ફરતાં જપ કરતાં હોય છે ત્યારે સાધકોને થઈ જાય છે. તો બપોરે ૩ થી ૪ ની બેઠકમાં પૂ.મા પધારે છે, જેમાં ડાયરીનું વાંચન થાય, પછી પૂ.માને કોઈએ કંઈ પણ પૂછવું હોય તો પૂછી શકાય છે. બેઠકના સ્થળે જ વ્યક્તિગત મળી શકાય.

સાધકો માટે બપોરના ભોજનનો સમય પણ ૧૨ થી ૧ વચ્ચેનો નિશ્ચિત થયો છે. સાંજનું ભોજન ૬.૩૦ થી ૭.૩૦ સુધીમાં.

કશું ન્હોતું જ મારામાં, જીવનમાં હીર દેખાતું
કળા જાદુની શી તારી, જીવન તેં હીર પ્રકટાવ્યું.
—પૂ.મોટા



# માનવ જીવન—મહામૂલ્યવાન ભેટ

**યોગેશ્વરજી**

દિલ્હીનું સ્ટેશન કેટલું બધું મોટું છે? ત્યાંથી કેટલી બધી ગાડીઓ ઉપડે છે? ઉત્તરમાં અમૃતસર, પઠાનકોટ, સીમલા તરફ જવું હોય તો પણ ત્યાંથી જવાય છે, હરિદ્વાર, ઋષિકેશ—બદરીનાથ તરફ આગળ વધાય છે, પશ્ચિમમાં મુંબઈ તરફ જવાય છે. પૂર્વમાં કલકત્તા અને આસામ તરફ પહોંચવા માટે હાવડા એક્સપ્રેસ અને આસામ મેલ મળે છે, તો દક્ષિણમાં છેક નીચે મદ્રાસ, બેંગલોર, તથા કન્યાકુમારી જવાની ગાડી પણ મળે છે. ત્યાંથી મધ્યભારતમાં પણ ઈચ્છાનુસાર સ્થળે જઈ શકાય છે, અને ક્યાંય ના જવું હોય તો પ્લેટફોર્મ પર બેસી શકાય છે અથવા પાછા ઘેર સ્વસ્થાને પહોંચી શકાય છે.

માનવજીવન એવું મહાન વિશાળ જંકશન છે. એમાં પ્રવેશીને માનવશરીરના પવિત્ર પ્રસિદ્ધ પ્લેટફોર્મ પર પહોંચીને ઉત્તરમાં જઈ શકાય. ઉર્ધ્વલોકની યાત્રા કરી શકાય. પશુપક્ષીવનસ્પતિની યોનિમાં પણ પ્રવેશી શકાય, અને ક્યાંય અન્યત્ર ના જવું હોય તો તો ''પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનમ્'' ઉક્તિ અનુસાર માનવશરીરને પુનઃ પુનઃ પામીને ભોગાનુભવોમાં જ રહી શકાય. ક્યાં જવું છે, આગળ વધવું છે કે પાછળ પડવું છે, એનો વિચાર માનવે પોતે જ કરી લેવાનો છે અને તદનુસાર પુરુષાર્થને પ્રારંભવાનો છે. માનવ શરીર દેવોનેય દુર્લભ કહેવાય છે. સાધનાનું ધામ અને મોક્ષનું મંગલમય દિવ્ય દ્વાર મનાય છે. સર્વોત્તમ સૌભાગ્યથી સાંપડેલું છે. એને મેળવીને આત્મોન્નતિની દૈવી દુનિયામાં આગળ

વધીએ, સમુન્નતિ સાધીએ અને અન્યને માટે પણ ઉપયોગી બનીએ તો કેવું સારું? આપણે માનવશરીરમાં આવીને એક નિર્ણાયાત્મક સ્થળે ઊભા છીએ. જે તરફ જવું હશે તે તરફ જઇ શકાશે. સુખ કે દુઃખ, હર્ષ કે શોક, શાંતિ અથવા અશાંતિ, અભ્યુત્થાન અથવા અધઃપતન, જેની પણ પસંદગી કરીશું તેની પ્રાપ્તિ કરી શકાશે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે ''ઉદ્ધરેદાત્મનાત્માનમ્'' એટલે કે પોતાની જાતે પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ. એ આદેશને અનુસરીને માનવજીવનનો સમ્યક્ સદુપયોગ કરીને ઉત્તરોત્તર આગળ વધજો, પાછળ ના પડતા. નવજીવનને મેળવજો. એનાથી વંચિત ના બનતા.

માનવજીવન શાને માટે મળ્યું છે એનો વિચાર કરો. આ શરીર કેવળ ખાવા, પીવા, ભોગ ભોગવવા, ગમે તેવી પ્રવૃત્તિ કરવા, અને એક દિવસ અજ્ઞાત રીતે અદૃશ્ય થવા માટે મળ્યું છે? ના. એને મુક્તિનું મંગલ મંદિર દ્વાર કહ્યું છે. સાધનાનું ધામ ગણ્યું છે. એનો સમ્યક્ સદુપયોગ કરીને સુખી થવાય છે, શાંતિ પમાય છે, બંધનમુક્ત બનાય છે એ તો ખરું જ, પરંતુ સાથેસાથે અન્યને સુખી કરાય છે, શાંતિ અપાય છે, ક્લેશ—પરિતાપ—અજ્ઞાન—બંધનમાંથી મુક્તિ ધરાય છે. એની શક્યતા અને શક્તિ અનંત, અસાધારણ, ધાર્યા કરતાં પણ ઘણી મોટી છે. એને જે જેમતેમ ફગાવી દેશે તે પાછળથી પસ્તાશે. તો પણ કશું વળશે નહીં. માટે અત્યારથીજ ઊઠો. જાગો. ચેતો. એનો સદુપયોગ કરવાનો સંકલ્પ કરીને એની પૂર્તિના પ્રામાણિક પ્રયત્નમાં લાગી જાવ.




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ નવેમ્બર—૨૦૧૦ અંક ૨**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૮૬, કોટર્યકનગર, રાંદેરરોડ, સુરત.**

**તા.૬/૩/૮૨ ચાલુ**

ત્યારપછી ફરી પ્રશ્નો શરૂ થાય છે.

પ્રશ્નઃ—હું જ્યારે પ્રાર્થના કરવા બેસું છું ત્યારે કોઇકોઇ વાર પ્રકાશ દેખાય પણ તે પ્રકાશ મોટો થતો નથી ને ધાબુ દેખાય તેને બંધ કરવા શું કરવું?

પૂ.શ્રીઃ—પ્રાર્થના કરીને તમારે જોવું છે શું? તે નક્કી કરો. પ્રકાશને જોવો છે? એ પ્રાર્થના દ્વારા લક્ષ્ય શું છે? ઘણાં ભગવાન કૃષ્ણની પ્રાર્થના કરે છે. તેમનાં દર્શન કરવા, તેમની સાથે વાત કરવા. કેટલાંક ફક્ત શાંતિ ને પ્રશ્નોના જવાબ માટે પ્રાર્થના કરે છે.

શું જોવું છે તે નક્કી કરો. લક્ષ્ય વિનાનું સાધન ક્યાં લઇ જશે?

આપણા જીવનનું લક્ષ્ય પ્રકાશ જોવાનું નથી. પ્રકાશની પણ

પાર પહોંચવું છે તે લક્ષ્ય રાખો. કે જ્યાં તમસ્ અંધકાર કે કશું નથી.

ધ્યાનમાં પ્રકાશ, તારા, ચંદ્ર દેખાય તેમાં મનને પરોવશો નહીં, જે જોવાનું લક્ષ્ય છે તેને જ જોવા પ્રયત્ન કરો. લક્ષ્ય નક્કી કરો એટલે કામ થઇ જાય.

સાધકે હંમેશાં લક્ષ્ય તો બનાવવું જ જોઇએ. આજે તમારું લક્ષ્ય ૮૯, કોટર્યકનગરમાં આવવાનું છે, પણ વચ્ચે તો પોંકનગર આવે જ છે. તો ત્યાં ઉતરવું હોય તો ઉતરો પણ ૮૯ નંબરમાં જવાનું છે તે ભૂલશો. તો અહીં ૧૨ થી ૧ સમય છે. પછી મોડા પડો તો બારણાં બંધ.

પ્રશ્નઃ—શુક્રને ઓજસ્‌માં રૂપાંતર કરવું છે?

પૂ.શ્રીઃ—એનો બધો જ આધાર મન ઉપર છે. શુક્રનું સ્ખલન સંગદોષથી, વિચારોથી, દૃષ્ટિથી, સ્પર્શથી અરે, એકાંતમાં પણ થવાનું. જેટલો સંયમ અને શુદ્ધિ કાચાં તેટલું સ્ખલન થવાનું. તે માટે પ્રાર્થના કરો. હે પ્રભુ, મને સારો સંગ આપો. મનને શાંત રાખવા શક્તિ આપો. પ્રભુને સાચા દિલથી કરેલી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે. પાણી પહેલાં પાળ બાંધી દો.

જેને જાતીયતા કહો છો તે પ્રકરણ પ્રાર્થનાથી બંધ થઇ જશે. મન ઉદાત્ત હોય તો તન તેની પાછળ ચાલશે. મનને ઉત્તમ બનાવવા પ્રાર્થના કરો. નિયમ કરી લો. આટલાં વરસ થયાં હવે શરીર સંબંધ ખલાસ. આટલાં સંતાન થયાં, શરીર સંબંધ ખલાસ. એવું નિશ્ચય બળ કેળવો. પ્રભુની કૃપા માંગો.

પ્રશ્નઃ—હમણાં રામાયણ પારાયણમાં હું બેઠી હતી ત્યારે મને આપનાં શંકરરૂપે ને મા સર્વેશ્વરીનાં પાર્વતીરૂપે દર્શન થયાં હતાં,



પણ ત્યારે મને ખૂબ રડવું આવ્યું તો તેનું કારણ શું?

પૂ.શ્રીઃ—કેટલીકવાર આનંદનાં પણ અશ્રુ આવે. અજ્ઞાત મન આનંદ અનુભવે તો અશ્રુ આવે.

એ સાંભળી એક ભાઇ પ્રશ્ન પૂછે છે.

પ્રશ્નઃ—અશ્રુ એ ઢોંગ જ છે ને! સ્ત્રીઓને એ રીતે રડવાની ટેવ પડી છે. અને સાધનાની ક્રિયામાં એ બાધક નથી?

પૂ.શ્રીઃ—અશ્રુ એ ઢોંગ નથી. હા રામલીલામાં બધાં કલાકારો એ રીતે સુંદર અભિનય કરી પોતે રડે ને રડાવે પણ ખરાં.

તુકારામ કથા કરતા. પછી થયું કે જેની કથા કરું છું તે ભગવાનનાં દર્શન તો કર્યાં નથી, એટલે જાહેર કરી દીધું, કે કાલથી કથા બંધ ને પોતે ભંડારા પર્વત ઉપર ચાલ્યા ગયા. ત્યાં અનુભૂતિ થઇ.

ક્રિયાઓ આખરે ક્યાં સુધી? રડવું એ પણ એક ક્રિયા જ છે ને?

રામકૃષ્ણ દેવનો પણ સ્ત્રીના અભિનય માટેનો એક પ્રસંગ જાણીતો છે.

બીજી થોડી વાતો થઇ.

મુલાકાતીઓ બહાર ઓટલા ઉપર પણ ભરાઇ ગયા હતા. મુલાકાત પૂરી થતાં સૌ પ્રણામ કરી પ્રસાદ લઇ વિદાય થયા.

મુલાકાત બાદ પૂ.શ્રી દીનાબહેન ઘડિયાળી સાથે થોડી વાતો કરે છે. વળી એક બહેનને મંત્ર જોઇએ છે તો પૂ.શ્રી તેને એક કાગળ ઉપર મંત્ર લખી આપે છે ને દરરોજ ૧૦ માળા કરવાની સૂચના આપે છે.

પૂ.શ્રી આજે અગિયારશ હોવાથી ફક્ત દૂધ ને શીખંડ થોડો

લે છે. ત્યારબાદ આરામ કરે છે.

સાંજે પ્રવચન સ્થળે નિયમિત રીતે પૂ.શ્રી રમેશભાઈની ગાડીમાં પહોંચી જાય છે.

હોલના મુખ્ય ભાગમાં બે બેઠકો તૈયાર હોય છે. પૂ.શ્રી ગાડીમાંથી ઉતરે છે ત્યારે દસબાર ભાઈઓ પ્રણામ કરે છે. પછી બેઠક પર બેસે છે ને દરરોજની જેમ ફૂલહારથી સ્વાગત થાય છે.

પૂ.શ્રીનું ધ્યાનયોગ ઉપર આજે છઠ્ઠું પ્રવચન થયું. દરરોજની જેમ પ્રવચન બાદ સર્વેશ્વરીએ ભજન ગવડાવ્યાં. ગઈ કાલે સર્વેશ્વરીએ વિદેશયાત્રા અંગેનો પોણો કલાકનો વાર્તાલાપ આપ્યો હતો. આવતી કાલે પણ ફરીથી સર્વેશ્વરીનો વાર્તાલાપ રખાયો છે.

પ્રવચન બાદ સૌ પ્રણામ કરી વિદાય લે છે. પૂ.શ્રી પણ ગાડીમાં બેસી ઉતારા પર આવી જાય છે. (ક્રમશઃ)

**★ મને સંકળાવી રાખ્યો છે ★**

અનેકે વાર નિષ્ફળ શો જીવનમાં નીવડેલો છું!
સફળતા તે છતાં તેમાં થકી મળવાની છે ધાર્યું.
ભલે નિષ્ફળ થવાનું છો, છતાં શ્રદ્ધા ન છૂટી છે,
હૃદય–વિશ્વાસનું ભાથું કદી ખૂટી ગયું ના છે.
હજારો વાર નિષ્ફળતા ભલે આવ્યાં કરેલી છે,
છતાં પુરુષાર્થ કરવાનો ન દેવાયો મૂકી જીવને.
કૃપા એ તો હરિ વહાલા તણી શક્તિની ન્યારી છે,
શું નવસર્જન તણા પગલે મને સંકળાવી રાખ્યો છે!

**–પૂ. મોટા**



# Youth Speeches

**Hemali**

Jai Krupalu MAA. I met MAA in 2005 in Brownsville, Texas. I had many questions for MAA because I had heard from a friend that she does not eat grains or speak, and only takes milk and fruit every other day. I thought that was impossible especially because I wanted to be in the medical field so I just to see it with my owneyes! When I went to my first satsang, I saw she took such good care of the kids because she had everything read or spoken in Gujrati translated into English. I think mostly everyone is attracted to MAA because of the uncoditional love she gives to each one of us. For me, I think MAA just did her magic; I did not have to do anything. MAA said, “Do you consider MAA your friend?” I said, “Yes.” Maa said, “How do you keep in touch with your good friends?” I said, “I call them, visit them, or email them.” MAA asked me again, “Is MAA your friend?” and I said yes. This meant I would have to call or visit Maa from now on! And so, our bond or connection began.

Some of the advice she initally gave me was if you ever want to call MAA just do 11 pranams. There are time when you meet someone and you just know that there is something there–that's exactly how I felt with MAA!

I'm currently studying at Texas Women's University in Houston and doing my masters in Occupational Therapy. Why do I like coming to MAA? Why do I go to India? Why do I come to Canada? Maa is eveything for me–she is my mom, my dad, my God, my friend; and, whenever I need anything all I have to do is pray and I get the answer. When the right time and moment is there she just give the answer. MAA's playful nature when she throws candy to her childern, who would do this? I remember when I was younger, saints would come to our house and before leaving ask for momey/a donation. Sometime what you offered just didn't seem enough to the saint. so they would ask for more! MAA is the first person I've seen that when you give a donation to her, she will tell you exactly where or how their money was spent, and whatever that is left over she gives back to us. That is one really noble aspect about MAA, she



keeps track of every minute detail as we see, not only in the Satkarmas or donations but in her diary!

One message I've learned from MAA through doing satkarma in India is MAA teaches us to serve with our own two hands, see where your money is donated–basically, see it for yourself, and I think that kind of opportunity could have only be given by MAA. You realize that MAA is behind every step in the donation process and planning–from setting up camps on dates that are in accordance to the schedule of the donator to calulating the cost of each individual camp. She makes sure everything is running smoothly; and she is the one that is up the whole night before, the one standing during the whole event/satkarma, and the last one to sleep! I've had the opportunity to see various camps including eye camps, medical camps, food camps, and camps for school children. A few aspects that remain costant are Maa's costant involvement, energy, and love.

Another reason why I love going see MAA in India is Swargarohan. One particular part of Swargarohan to note is the Kutiya. The Kutiya is

powerful. Many people have prayed there and experienced that if one prays whole–heartedly, he or she will definitely get the answer. I've had personal experience where I have prayed there and the next day my prayer was answered and sometime even in a matter of a few minutes or hours! It could be even a simple prayer like: I want to ride in MAA's car. Over time I've realized, it's not just the kutiya, but anywhere you are–your prayers will be answered beause we have MAA in our lives, She's always with us. protecting us, and listening to our prayers. Going to MAA is like an innate thing. You meet MAA and you just want to go to her. The love she gives you is something you cannot replace and you keep craving, just like little kids crave chocolate. It's MAA's love, her teachings, and the attention she gives us. just by simple having her darshan we are attaining everything. My prayer is that may we all keep getting MAA's darshan and we continue to put into practice the teaching MAA has given us. Jai Krupalu MAA.

**Rakhiben**

We've all known MAA since we were very little. We grew up with Yogeshwarji and MAA



Prabhu. Every time satsang would happen. We would be in the front playing and taking candy. From the beginging we've had great teaching by MAA about respecting our elders, respecting ourselves, and cultural values. These are still instilled in us; and, we are grateful for MAA.

MAA has always been there for us, a phone call away, a letter away or via someone else. MAA will always get to you, when you are having a rough time or need some advice Pujya Maa always has opprtunities for young children and adults to go on yatras and to do mantra jaaps with her. I feel very blessed to have Pujya MAA in my life. There are times when you need stuff, and MAA is there.

**(–to be continued)**

# સ્વામી વિશુદ્ધાનંદની જ્ઞાનગંજ યાત્રા

(ગતાંગથી ચાલુ) **શ્રી નંદલાલ ગુપ્તા**

તે દિવસે નિર્દિષ્ટ કરેલા સમયે ભોળાનાથ ને હરિપદ સંન્યાસી પાસે પહોંચી ગયા. સંન્યાસી શ્રી નિમાનંદજીએ એમની નિષ્ઠા અને ધીરજની કસોટી કરવા માટે કહ્યું કે—"છોકરાઓ બરાબર વિચારી લો. મારી સાથે તો ભારે કઠિન માર્ગો ઉપર ચાલવું પડશે; ભયંકર પર્વતોના એકાંત સ્થળોમાં રહેવું પડશે તેમજ ઘણાં કષ્ટો સહન કરવા પડશે. શું તમે આ બધાં કષ્ટો સહન કરવા તૈયાર છો?"

બંને બાળકોએ જ્યારે આવાં સર્વે દુઃખોને આનંદપૂર્વક સહન કરવાની તત્પરતા બતાવી, ત્યારે સંન્યાસી નિમાનંદજીએ જરા પણ વિલંબ કર્યા સિવાય બન્ને છોકરાઓની આંખો ઉપર પાટા બાંધી દીધા અને બન્ને છોકરાઓનાં હાથ પકડી પોતાના માર્ગે પ્રયાણ કર્યું. જંગલોમાં થઇને પર્વતીય તેમજ મેદાની પ્રદેશોના માર્ગે બન્ને બાળકો એમની સાથે ચાલવા લાગ્યા. પરંતુ તેઓની માર્ગની કઠિનતાઓનો સહેજ પણ અનુભવ ન થયો, ઉલ્ટું એમને એમ લાગવા માંડ્યું કે તેઓ મખમલના ગાલિચા ઉપર પગ રાખીને જાણે હવામાં જઇ રહ્યા ન હોય! આ પ્રમાણે આખી રાત મુસાફરીમાં પૂરી થઇ. હવાના તરંગોમાં તરતા બાળકોને તે ખબર શુદ્ધાં ન હતી કે તેઓ કયાં અને કયી દિશામાં જઇ રહ્યા છે. સૂર્યોદય થતાં એમની મુસાફરીનો પહેલો વિસામો આવ્યો.

હવે સંન્યાસીએ એમની આંખો ઉપરથી પાટા છોડી નાંખ્યા. છોકરાઓએ પોતાની જાતને નિર્જન પર્વત ઉપર ઊભેલા જોયા; જ્યાં એક બાજુ ઉપર એક વિશાળ મંદિર આવેલું હતું. એની



ચારે બાજુ પર્વતોની હારમાળા દેખાતી હતી. પૂર્વ દિશા ઉગતા સૂર્ય કિરણોની લાલ આભાથી રમણીય લાગી રહી હતી. વળી પક્ષીઓ જાણે પ્રભાતના સ્વાગતમાં મીઠો કલરવ કરી રહ્યાં હતાં.

મંદિરના પટાંગણમાં કેટલાક દર્શનાર્થીઓ ઊભેલા હતા. એઓમાંનો કોઇ બંગાળી લાગતો ન હતો. એથી એમણે સમજી લીધું કે તેઓ બંગાળ દેશથી દૂરના કોઇ બીજા પ્રદેશમાં આવી પહોંચ્યા છે. પૂછવાથી ખબર પડી કે તેઓ ઉત્તર પ્રદેશના મિરઝાપુરના વિન્ધ્યાચલ નામના સ્થાનમાં વિન્ધ્યવાસિની દેવીના મંદિરના સ્થાનમાં અત્યારે છે. તેઓની પૂર્વ બંગાળના ઢાકાથી પશ્ચિમ બંગાળ, આખો બિહાર વટાવીને ઉત્તર પ્રદેશના પૂર્વ છેડે આવેલા મિરઝાપુર સુધીની લગભગ છસો માઇલની યાત્રા માત્ર એક જ રાતમાં શી રીતે પૂરી થઇ, એનો વિચાર કરીને બન્ને છોકરાઓ આશ્ચર્યમાં પડી ગયા. હવે એમને ખાતરી થઇ ગઇ કે એમણે આટલી લાંબી મુસાફરી કોઇ અદશ્ય શક્તિની મદદથી આકાશ માર્ગે કરી છે, કારણ કે જમીન ઉપર પગે ચાલીને અહીં સુધી પહોંચતા તો કેટલોય સમય લાગે, તેમજ માર્ગમાં આવતા પર્વતો, જંગલો કે નદી—નાળાંઓને પાર કરવામાં પણ ઘણો બધો વખત જાય. આ વિચારથી બન્ને છોકરાઓના મનમાં સંન્યાસી નિમાનંદજીના પ્રત્યે કેટલાય ગણી શ્રદ્ધા અને ભક્તિ વધી ગયાં. સંન્યાસી નિમાનંદજીએ છોકરાઓને મંદિરની પાસેના એક સુરક્ષિત સ્થાનમાં બેસાડીને કહ્યું : છોકરાઓ, હું જ્યાં સુધી અહીં પાછો ન આવું, ત્યાં સુધી તમે અહીં રોકાજો. કોઇ પ્રકારનો ભય ન રાખતા, તેમજ જરા પણ ગભરાતા નહીં. અહીં કોઇપણ માણસ હિંસક જંગલી પશુ તમારું કોઇ પ્રકારે અહિત કરી શકે એમ નથી. હું પાછો આવીને

તમોને આશ્રમમાં લઇ જઇશ.'' આટલું કહીને તેઓ તે ક્ષણે જ ત્યાં અંતર્ધાન થઇ ગયા!

ભોળાનાથ અને હરિપદ બન્ને છોકરાઓ ત્યાં રોકાયા. દર્શનાર્થીઓ મંદિરમાં આવતા અને વાતો કરતા ચાલ્યા જતા. તેઓની વાતો તેમની સમજમાં આવતી ન હતી. કારણ કે તેઓ બન્નેને બંગાળી સિવાયની બીજી કોઇ ભાષા આવડતી ન હતી. એથી એમને ચિંતા થવા લાગી. પરંતુ તેઓ કરી પણ શું શકે? સંતોષ માત્ર એટલો હતો કે બન્ને જણા પરસ્પર વાતચીત કરીને પોતાનું દુઃખ હળવું કરી લેતા. વળી હજી સુધી કંઇ ખાધું પણ ન હતું. બંનેને ભુખ પણ લાગી હતી. પરંતુ બપોર થતાં એક કાળા શરીરવાળો બ્રાહ્મણ ખૂબ બધી ભોજનની વાનગીઓ લઇને એમની પાસે આવ્યો; અને એક અક્ષર પણ બોલ્યા વિના એ બધી ભોજનની વાનગીઓ તેઓની સામે મૂકીને ચાલ્યો ગયો. છોકરાઓ તો ભૂખ્યા થયા હતા એટલે એમણે આનંદપૂર્વક રુચિપ્રમાણે જમીને આરામ કર્યો. એમણે તો આશા રાખેલી કે સંન્યાસી સાંજ સુધીમાં પાછા આવી જશે. પરંતુ તેઓ સાંજ સુધીમાં ન આવ્યા તેથી છોકરાઓને ચિંતા થઇ અને તેઓ નિરાશ થયા. સંધ્યા થતાં ફરી પાછો પેલો બ્રાહ્મણ એમને માટે ભોજન લઇ આવ્યો અને એમની સામે મૂકીને પહેલાની જેમ ચાલ્યો ગયો. છોકરાઓને એ ખબર ન પડી કે એ કોણ છે, એને કોણ મોકલે છે અને તે આ ભોજનની સામગ્રી ક્યાંથી લાવે છે!

એટલામાં રાત થઇ. ચારેબાજુ અંધકાર છવાઇ ગયો. માણસોની વસ્તી વગરના તેમજ હિંસક રાની પશુઓથી ભરપૂર જંગલી પર્વતીય પ્રદેશમાં રાત્રિની નિસ્તબ્ધતામાં કેવળ સિંહ, વાઘ ને ચિત્તાઓના અવાજો સંભળાતા. હવે છોકરાઓ બીવા લાગ્યા. એમને થયું કોઇ હિંસક પ્રાણી આવીને અમને ખાઇ જશે



તો! આથી બન્ને ઝાડ ઉપર ચઢી ગયા અને બન્નેએ પોતપોતાની ધોતીઓથી પોતાની જાતને ઝાડની ડાળી સાથે જ બાંધી લીધી, જેથી રાત્રિની ઉંઘમાં અને ભયના માર્યા નીચે ન પડી જવાય. આમ જેમ તેમ કરીને બન્નેએ રાત કાઢી. સવાર થતાંજ બન્ને ઝાડ ઉપરથી નીચે ઉતર્યા અને અષ્ટભુજા દેવીના મંદિરમાં ચાલ્યા ગયા. આખો દિવસ ત્યાં રોકાયા. ત્યાં પણ સમયસર ભોજન મળી ગયું. આ પ્રમાણે કેટલાક દિવસો વીતી ગયા. પરંતુ સંન્યાસી મહારાજ ન આવ્યા. હવે તો તેઓ પોતાની જાતને એકદમ અસહાય અનુભવવા લાગ્યા. એમને ભારે ચિંતા થવા લાગી. ઘરની યાદ પણ આવવા લાગી. ભોળાનાથને તો નાનપણથી જ માની ગોદમાં સુવાની ટેવ હતી. મોટો થવા છતાં હજી સુધી તેને પોતાનું ઘર કે પ્રદેશ છોડીને બહાર જવાનો કોઇ અવસર આવ્યો ન હતો. માનો અનહદ પ્રેમ, ગામવાળાઓની માનતા, તેમજ પોતાના ગામના બાગબગીચા વગેરે તેને યાદ આવવા લાગ્યા. સાંજે વાઘની ત્રાડ સાંભળીને તો ભોળાનાથ તેમજ હરિપદ—બંને ખૂબ ડરી ગયા. અને રડવા લાગ્યા. રડતાં રડતાં એમની નજર આકાશમાં પડી તો એમણે જોયું કે પશ્ચિમી આકાશમાં સુંદર તુરતમાં ઊગેલા ચંદ્રની સમાન એક પ્રકાશિત આકૃતિ એમની તરફ ધીરે ધીરે નીચે ઉતરીને આવી રહી છે. બન્ને આશ્ચર્ય પામી, એકીટશે એમની સામે જોઇ રહ્યા. પાસે આવતાંજ એમને જોયું કે એ જાજ્જવલ્યમાન લાગતી આકૃતિ હકીકતમાં એક નારીની હતી અને એના તેજના પ્રકાશથી એ પ્રકાશિત લાગતી હતી. જમીન ઉપર ઉતરતાંજ એ નારીની મૂર્તિએ બન્ને બાળકોને આશીર્વાદ આપ્યા.

એમના મસ્તક ઉપર કેશનો ગુચ્છ બાંધેલો હતો. કપાળમાં રાતા ચંદનનો ચાંદલો હતો. ગળામાં રુદ્રાક્ષની માળા તથા

હાથમાં ત્રિશૂળ હતાં. એમનું મુખ સ્નેહ અને કરુણાપૂર્ણ મંદ હાસ્યથી સુશોભિત લાગતું હતું. તેઓ બીજા કોઇ નહીં, પરંતુ જ્ઞાનગંજ આશ્રમનાં સિદ્ધ ભૈરવી 'ઉમા' હતાં.

ભૈરવી માતાએ એમને શુદ્ધ બંગાળીમાં કહ્યું. ''છોકરાઓ, તમે આટલું બધું રોયા શા માટે? તમારું વિહ્વળ થઇને રોવાનું જોઇ હું મારી જાતને સ્થિર ન રાખી શકી. એટલે તો મારે આકાશ–માર્ગે ઉડીને તમારી પાસે આવવું પડ્યું.'' આટલું કહીને એમણે ભોલાનાથને પોતાના ખોળામાં બેસાડી, માતાની માફક, એના શરીર ઉપર ખૂબ પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. અને કહેવા લાગ્યાં. ''જે મહાપુરુષ આવીને તમને સાથે લઇ આવ્યા છે, તે પાંચ છ દિવસમાં પોતે આવીને તમને લઇ જશે. ત્યાં સુધી તમે આનંદપૂર્વક અહીં રહો. હવે તમને કોઇ ભય નહીં લાગે. તમે લોકો મને તમારી માજ સમજજો. જ્યારે પણ તમે મને યાદ કરશો ત્યારે હું તરતજ તમારી પાસે આવીને હાજર થઇશ. હવે હું જાઉં છું.'' આટલું કહીને મા 'ઉમાભૈરવી' અંતર્ધાન થઇ ગયાં. એમનાં દર્શન તથા પ્રેમપૂર્વકના સંબોધનથી બન્ને છોકરાઓના મનનો ઉદ્વેગ જતો રહ્યો અને બન્ને શાંત અને નિશ્ચિંત બની ગયા.

તેઓને માટે મુકરર સમયે સવાર–સાંજ પેલો કાળો બ્રાહ્મણ ભોજન લઇ આવતો. તેઓ આખો દિવસ અષ્ટભુજાના મંદિરમાં લોકોની ભીડ જોવામાં તેમજ પૂજા વગેરેમાં વીતાવતા અને રાત ઝાડ ઉપર.

આ રીતે લગભગ એક અઠવાડિયા પછી એ જ પેલા મહાપુરુષ આવીને તેઓની સમક્ષ ઊભા રહ્યા. તેઓએ છોકરાઓને પોતાનું નામ–સ્વામી નિમાનંદ પરમહંસ બતાવ્યું. તેઓએ પહેલાંની જેમ છોકરાઓની આંખે પાટા બાંધી દીધા



તેમજ બન્નેને પોતાની સાથે વિન્ધ્યાચલ પર આવેલ વિન્ધ્યવાસિની દેવીના મંદિરથી લગભગ સોળ માઇલ દૂર પહાડોની વચ્ચે આવેલ એક આશ્રમ પર લઇ ગયા. અહીં કેટલાક મહાત્માઓ રહેતા હતા. તેઓની પાસે આ છોકરાઓને મૂકીને ફરી પાછા તેઓ ક્યાંક ચાલ્યા ગયા. એમના જમવાની્ને રહેવાની વ્યવસ્થા આશ્રમમાં થઇ ગઇ. ચાર છ દિવસ અહીં વીતાવ્યા પછી સ્વામી નિમાનંદજી ફરી પાછા આવ્યા અને બન્ને છોકરાઓને પહેલાની જેમ 'તુકલી' નામના પહાડ પર લઇ ગયા, જેની એક ગુફાની અંદર 'શ્યામ ભૈરવી માતા' નિવાસ કરતાં હતાં. એમણે છોકરાઓ પ્રત્યે માતૃ વાત્સલ્ય દર્શાવી તેઓના ખાવા–પીવા અને રહેવાની યોગ્ય વ્યવસ્થા કરી.

સંન્યાસી એ જ દિવસે ફરી પાછા આવ્યા. એમણે બન્ને છોકરાઓની આંખો ઉપર પહેલાંની જેમ પાટા બાંધી એમને પોતાની સાથે લઇ ચાલ્યા. છોકરાઓને અત્યાર સુધી એવો અનુભવ થતો કે તેઓ મખમલનાં ગાદલા ઉપર પગે ચાલી રહ્યા છે અને એમના માર્ગમાં કોઇપણ પ્રકારના કાંટા–કાંકરા, જંગલ–ઝાડી કે માનવોની ભીડભાડની અડચણ આવી નથી. એનાથી બાળકોને જરૂરથી આશ્ચર્ય થતું, સત્ય હકીકત તો એ હતી કે બાળકો સ્વામી નિમાનંદજીની સાથે આકાશમાર્ગે જઇ રહ્યાં હતાં. મુસાફરીમાં એમને કોઇપણ પ્રકારનું કષ્ટ પડ્યું નહીં. ફરી પાછા એક સ્થળે પહોંચીને તેઓની આંખો ઉપરથી પાટા છોડ્યા તો તેઓને માલુમ પડ્યું કે સવાર થઇ ગયું છે અને તેઓ એક દિવ્ય સ્થાનમાં આવી પહોંચ્યા છે.

ચારે તરફ પર્વતોનાં ઊંચા શિખરો બરફથી છવાયેલાં ધ્યાનમગ્ન યોગીઓનાં જેવાં શોભી રહ્યા છે.

બાળ સહજ જિજ્ઞાસાથી છોકરાઓએ પૂછ્યું કે સ્વામીજી

અત્યારે અમે ક્યાં આવી પહોંચ્યા છીએ?

તેઓએ કહ્યું : અત્યારે તમે હિમાલયની ઉત્તરે તિબેટના મધ્યભાગમાં આવેલ અતિદુર્ગમ એવા ગુપ્ત યોગાશ્રમમાં છો; જેને સિદ્ધો જ્ઞાનગંજ યોગાશ્રમ તરીકે ઓળખે છે.

પરમહંસ નિમાનંદજીએ ભોલાનાથ તથા હરિપદ બન્ને છોકરાઓને નવદસ દિવસ જ્ઞાનગંજ યોગાશ્રમમાં રાખ્યા. તે પછી એમને પોતાના પરમ વંદનીય ગુરુદેવ મહર્ષિ મહાતપા મહારાજના ચરણોમાં રજુ કર્યા. મહર્ષિએ એમના મસ્તકોને સ્પર્શ કરીને શક્તિસંચાર કરીને બન્નેને બીજમંત્ર પ્રદાન કરી દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા. આ પ્રકારે બન્ને બાળકો હવે સ્વામી નિમાનંદજીના ગુરુભાઇ બની ગયા.

માએ સોંપેલાં કાર્યમાં 'મા'ની સહાય તો સતત મળતી રહે છે. —મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ગુરુમંત્ર બદલી શકાય છે

**—યોગેશ્વરજી**

**જિજ્ઞાસુઃ** મને મારા ગુરુ તરફથી જે મંત્ર મળ્યો છે તે મંત્ર પ્રમાણમાં મોટો હોવાથી જલદી કંઠસ્થ થતો નથી. તો તેને બદલે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' જેવો બીજો મંત્ર સદાકાળ જપતા રહેવાય તો સફળતા મળે કે નહીં?

**જવાબઃ** તમારો પ્રશ્ન મુદ્દાનો છે, ને સાધકો કે ભક્તોના વિશાળ વર્ગને સ્પર્શે છે. કેટલાય સાધકોને તમારા જેવી શંકા થતી હોય છે. ગુરુએ આપેલો મંત્ર લાંબો હોય, અથવા તો ટૂંકો હોવા છતાં પણ કોઈ કારણથી ના રુચતો હોય તો પોતાની રુચિ કે પસંદગી પ્રમાણેનો બીજો મંત્ર જપવામાં હરકત કે દોષ નથી. મંત્રના જપથી જે સફળતા મેળે છે તે તો તેને પરિણામે થતી હૃદયની નિર્મળતાથી તથા એકાગ્રતાથી અને તેને લીધે થતાં પરમાત્માને માટેના પ્રેમથી મળે છે. એટલે એ મુદ્દાને લક્ષમાં રાખીને શ્રદ્ધા—ભક્તિપૂર્વક નિયમિત જપ કરશો તો જરૂર લાભ થશે. જપ જડ કે યાંત્રિક ના બની જાય તેનું ધ્યાન રાખજો. સાથે સાથે ગુરુએ આપેલો મંત્ર મોટો હોવાથી જ પસંદ ના હોય તો, બીજા મંત્રની સાથે એ મંત્રની ઓછામાં ઓછી એક માળા તો ગુરુના ઋણને યાદ કરીને જપજો જ.

**જિજ્ઞાસુઃ** ગુરુએ આપેલા મંત્રનો ત્યાગ કરવામાં ગુરુનો દ્રોહ નથી?

**જવાબઃ** બિલકુલ નહીં. બધા ગુરુ શિષ્યની રુચિને જાણીને મંત્ર નથી આપતા. એટલે એ મંત્રને બદલી શકાય છે. હા,

બદલવાની ક્રિયા ચંચળતાથી પ્રેરાઈને વારંવાર ના કરવી જોઈએ. નહીં તો એનો કાંઈ અર્થ નહીં રહે. બાકી શંકાશીલ બનીને જપ કરવા કરતાં જપ બદલીને નિઃશંક રીતે આગળ વધવું સારું છે. ગુરુના મંત્રનો સદંતર ત્યાગ કરવાની સલાહ હું નથી આપતો. એ વાત તો મારા પહેલાંના પ્રત્યુત્તર પરથી જ સમજી શકશો.

**જિજ્ઞાસુઃ** ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં કહ્યું છે કે યોગસ્થ થઈને અને અનાસક્ત થઈને કર્મ કર. તો મને શંકા થાય છે કે કર્મમાં રસ, એકાગ્રતા કે આસક્તિ જ ના રાખીએ તો કર્મ થઈ શકે જ કેવી રીતે?

**જવાબઃ** તમારી શંકા ગીતાના કથનને બરાબર સમજી લેશો તો મટી જશે. ગીતા એમ નથી કહેતી કે કર્મમાં રસ, એકાગ્રતા કે આસક્તિ ના રાખશો. કર્મ કરતી વખતે રસ અને એકાગ્રતાનો અનુભવ થાય તે જરૂરી છે. ગીતા એનો વિરોધ નથી કરતી. પંરતુ એ એક બીજી જ મહત્ત્વની વાત તરફ અંગુલિનિર્દેશ કરે છે કે કર્મ કરનાર વ્યક્તિએ કર્મના પરિણામે પેદા થનારી અહંતા, મમતા વિષયો માટેની આસક્તિ તથા રાગદ્વેષની વૃત્તિમાંથી મુક્ત રહેવું જોઈએ. એવી કળામાં એણે કુશળ બનવું જોઈએ. કર્મ કરો પરંતુ કર્મના સંગ, કે બંધનથી મુક્ત રહો, એવી ગીતાની સૂચના છે. એ રીતે સમજશો તો કર્મને રસ, એકાગ્રતા અને પૂરી ચીવટથી કરશો છતાં પણ એની વિઘાતક અસરથી મુક્ત રહેવીની શક્તિ મેળવી લેશો. કર્મના પરિણામે પ્રાપ્ત થયેલ ફળને સમત્ત્વભાવે સ્વીકારી લેવું તે જરૂરી છે.



# કૃપાનું કિરણ

યોગેશ્વરજી

એક માગું છું બસ એક માગું છું,
કૃપાનું કિરણ બસ એક માગું છું.
આસપાસ અંધાર વ્યાપી છે ગયો,
સૂર્યનો કિરણ પૂરો અસ્ત છે થયો,
જાણું ના કે છાયા મહીં કયાં હું ભાગું છું. કૃપાનું.
બીન બધા બંધ બન્યાં વાગતાં નથી,
તાર ના સંધાય હવે થાક્યો છું મથી,
શ્રદ્ધા ભરી, આશ લઈ હું જ વાગું છું. કૃપાનું.
તમારો ભંડાર કદી ખૂટતો નથી,
માગી રહ્યો કોડી માત્ર આજ હું અહીં,
વારંવાર પ્રાર્થુ તો ના ઠીક લાગું છું. કૃપાનું.
વરસો એકાદ બિંદુ, તોય ચાલશે,
પ્રાણ મારો ધન્યતામાં નિત્ય મહાલશે,
તમારાજ પ્રેમ–જગે રોજ જાગુ છું. કૃપાનું.

માતાની એક હાશમાં ૧૦૮ માળાનું પુણ્ય છે.
**–મા**

# વિદેશની ધરતી પર પૂ. માની યાત્રા

**મા સર્વેશ્વરી**

વર્ષાદેવી બડેકમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપતાં સૌ જોઇ શક્યા. આખો દિવસ ઝરમર ઝરમર વર્ષામાં જાણે ફરજિયાત વિશ્રામ સૌ કોઇ માટે થઇ ગયો.

યાત્રામાં પણ કેટલું બધું કામ હોય? ઘણા દિવસોનાં સૌનાં વસ્ત્રોની અહીં ૪ મશીન હોવાથી સફાઇ થઇ.

મોટાઓએ લીલામૃતનો પાઠ કર્યો છે. યુવાન મંડળી કોમ્પ્યુટરના કાર્યમાં સતત સતત દિવસ રાત કાર્યરત છે.

ભાઇ અનિલ, હિતેશ દરરોજ આઠ પૃષ્ઠોની પત્રિકા સૌના હાથમાં મૂકે છે, તેની પાછળ સર્વ સહાયક યુવાવર્ગ ખડે પગે છે. તો નાનકડાઓએ હોલમાં રમતમાં સમય પસાર કર્યો છે.

યાત્રામાં અતિનિયમિત સવાર સાંજ પ્રાર્થના ને બસમાં સતત સંકીર્તન ચાલુ જ હોય છે. વળી ગુજરાતી અને અંગ્રેજીમાં વાર્તાલાપ પણ ચાલુ જ હોય છે. જેમકે ગઇકાલે ***લીલીચાદર*** આખું અંગ્રેજીમાં ભાઇ રાજુ સમજાવે છે, ગવડાવે છે.

આજે જાણે વિશ્રામ દિન હતો. બડેકની ધરતીએ જાણે જળઅભિષેક કરતાં કરતાં સૌને આવકાર્યા છે.

અરે, આજથી અન્નપૂર્ણા બનવાનું ભાગ્ય યુવાન બેનોને મળી ગયું છે. બાળકોને મનગમતું સાત્ત્વિક ભોજન જમાડવાનું કાર્ય એમના ખભે છે. બાળકો પ્રસન્ન છે. રમે છે. જમે છે. ગાય છે. ઊંઘે છે. લખે છે. સમૂહ જીવનના પાઠ શીખે છે.



આ બડેક છે છેક નાનકડું, પણ વિવિધ વિશ્રામ સ્થળો સારાં છે. આજનો વિશ્રામ સીલ્વર ડાર્ટ લોજમાં થયો છે. વિશાળ જગ્યા, જુદા જુદા મકાનો જાણે કોઇ આશ્રમ. અરે, રમવાનું મેદાન, રમવાનાં સાધનો, વિવિધ મકાનોમાં જવાની નાની મોટી સાયકલો, સરસ બાગ અને ઓરડામાંથી જ સતત સરોવરનું દર્શન.

જાણે બધા જ સરોવર કાંઠે શબરી બનીને વસતા હોય, ને શ્રી રામની વાટ જોતા હોય, તો તો આ સ્થળ સાચે જ શબરી આશ્રમ જ બની જાય. ઓરડામાંથી જ સરોવરમાં નાની મોટી નૌકાઓ પણ જતી જોવા મળે. સામે પહાડ છે તે પણ લીલી જ પછેડી ઓઢીને ઊભો છે.

લાગે છે કે અહીં જે સતત વનરાજી હરીયાળી વચ્ચે વસે, તેની તેની આંખનું આરોગ્ય, મનનું આરોગ્ય ઘણું સારું રહેતું હશે.

આ પ્રાકૃતિક સૌંદર્યના પ્રેમી શ્રી જગુભાઇએ જ આ સ્થળો પસંદ કર્યાં છે. પ્રકૃતિદેવીના દર્શન કરાવી સૌ હરિયાળા બને. સૂકા ઘાસ જેવા નહીં, એવું આ યાત્રા ઇચ્છતી હશે. હે હરિ! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આજે આ ત્રીજી રાત પણ બડેકની આવી ગઇ. ૩ રાત બડેકમાં કાર્યક્રમ પ્રમાણે જ શ્રી હરિ બધું જ સમયસર ગોઠવી રહ્યા છે.

આજે પણ અતિનિયમિત થતી પ્રાર્થના બાળકોએ કરી લીધી છે, તો સાથે અતિનિયમિત અલ્પાહાર પણ કરી જ લીધો છે. બસમાં બેઠા છે.

છેક પાસે જ બોટીંગ રાઈડ છે. આખી બોટ જ આપણી મંડળી માટે જ બૂક કરી હતી. એટલે સ્વતંત્રતા મળી છે.

ઘણી મોટી હોડી. જાણે એક મોટી સ્ટીમર ખુલ્લી. ૧૦ વરસ એ સ્ટીમર જેવી હોડીને ઘડવામાં વીત્યાં. સુકાની હતા જોન. ૩૧ વરસના. સરોવરની સહેલ કરાવવાની જ એની યોજના છે. સૌને ફરવા લઈ જાય છે. હા, દરેક યાત્રીની ટીકીટ તો હોય જ છે.

આજની આ નૌકા—હોડી—બોટ કે સ્ટીમર જેવી આ નાવ સતત માને ભવપાર કરાવતી સદ્‌ગુરુની જ નૌકાનું સ્મરણ કરાવતી ગઈ.

સમર્થ સદ્‌ગુરુ પોતાના અધિકારી અને પ્રિય તથા સાધનાપરાયણ પસંદ કરેલા શિષ્યોને જ પોતાની ભવતારક નૌકામાં બેસાડતા હશે. જેમણે જેમણે સાધના કરી હોય, જપ કર્યા હોય, તપ કર્યા હોય, ગુરુઆજ્ઞા પાળી હોય, સતત શરણમાં રહ્યા હોય, તેવા તેવા સ્વજનોએ પોતાની પાત્રતા સિદ્ધ કરી હશે. અને તે બધા બેસવાને ઉત્સુક હોય, ભવપાર કરવાની ઝંખનાવાળા ધ્યેયનિષ્ઠ હોય તેવાને એક પછી એક સદ્‌ગુરુ જ દાદર—સીડી મૂકીને તેના ઉપરથી ચઢાવતા હશે, સંસાર ને પરમપ્રદેશની મધ્યમાં તે સીડી મૂકતા હશે.

અને અંદર પણ સરસ આસનો હશે જ્યાંથી પરમપ્રદેશની ઝાંખી કરી શકે. સ્વર્ગીય સૌંદર્ય માણી શકે તેવાં આસનો હશે. દરેક અધિકારીને સદ્‌ગુરુ એક એક દિવ્યચક્ષુ પણ આપતા હશે, તો જ તે માણી શકે ને!

અને એ ભવપાર કરતી નૌકા સંસારનો કિનારો છોડે ને



જેવી આગળયાત્રા શરૂ કરે એટલે સદ્‌ગુરુ ભગવાન સૌનો સત્કાર કરતો એક વાર્તાલાપ પણ આપતા હશે. ક્યા પ્રદેશમાં શું શું છે શું શું જોવાનું છે, તેની પણ સતત વાતો કરતા હશે.

અધિકારી પાત્રો પાછાં સંસારના ખારા દરિયામાં કુદકો ના મારે કે ડૂબી ના જાય તેની પણ ગુરુભગવંત કાળજી રાખતા હશે. એટલે સતત સંસારનો પવન ભૂલમાં પણ પાછો ના ઘસડી જાય એટલે ગુરુભગવંત સઢ ચઢાવતા હશે.

માર્ગમાં પણ સતત આ અધિકારી જીવોને પાર કરવા નૌકાને સ્થિર રાખવા ગુરુભગવંત સતત કાર્યરત રહેતા હશે.

ગુરુભગવંતના એ પરમપ્રદેશમાં વિવિધ દેવીદેવતાઓ પણ આ યાત્રીઓને વધાવવા આવતા હશે. અને બધા જ સહાયક બળ સાથે શ્રી ગુરુભગવંત ભવપાર કરાવી પોતાના જ શ્રી અંકે ઠારતા હશે.

આવી આવી સ્મરણમાલિકા માના મન અંતરે પરોવાતી રહી છે. સતત ગુરુભગવંતનું સ્મરણ શ્રી ગુરુભગવંતે જ કૃપા કરીને કરાવ્યું છે.

અહીં તો આ વિદેશની ધરતી ઉપર આધુનિક સંપૂર્ણ સુવિધા સાથેની નૌકા છે. વિદેશી સુકાની શ્રી જહોન છે. અરે, એની પત્ની પણ એને આ આજિવિકાના કાર્યમાં સહાયક બનીને કાર્યરત છે.

શ્રી જહોન જાતે પેલી નાનકડી સીડી—જાણે સ્વર્ગારોહણની સીડી ઉપર ઊભા રહી સૌને ધીમેથી અંદર બેસવાનો આદેશ આપતા હતા.

સૌ બેઠા છે. મા પણ પ્રવેશ કરે છે. ત્યાં નૌકાના ઉપરના

ભાગ ઉપર બધી જ યુવાન દીકરીઓ બેઠી હતી. પૂજા, ગોપી, રાધિકા, શીતલ, નિશા, ગાર્ગી. બધાને મા ઈશારાથી પૂછે છે માની જગ્યા છે? તરત જ એ બધી જ યુવાન દીકરીઓ માને જગ્યા આપી બધાની વચ્ચે મા જાણે એમની પ્રિય સખી બનીને બેસી ગયાં!

સાયકલ યાત્રીઓની વચ્ચે જેમ મા બેસી ગયાં હતાં તે સ્મરણ તાજું થયું.

મા માટે ગીતાબેન ખુરશી, ગાદી, ચાદર, ઓશીકાં બધું જ લાવ્યાં છે. મા પેલી સફેદ ચાર ખુરશી ઉપર બેસશે એવી ગણત્રી સાથે શ્રી વિનોદભાઈ, સરોજબેન, ગીતાબેન ગોઠવીને દોડાદોડ કરતાં હતાં પણ મા તો ત્યાં ગયાં જ નહીં. આ નવી યુવાન સખીઓ જોડે જ બેસી ગયાં. બેન નિશાએ બોટની ૧ ગાદી જે ત્યાં હતી તેના ઉપર માને બેસાડવાની ઈચ્છા કરી તો મા એ ગાદી પર બેઠાં છે.

ભાઈ રાજુને સૂચના આપી હતી બાવની શરુ કરો. બે બાવની ગવાઈ. પછી આજે ગોપી પરમાર્થીની વર્ષગાંઠ હતી તો તેનું ગીત ગવાયું છે. મા તેને સારા જ મિત્રો રાખવાની, પરમાર્થીનું નામ દીપાવવાની વાતો કરે છે.

અને તે પછી પ્રસાદ વહેંચાયો છે. પછી બેન નિશાના કંઠે પેલી જાણીતી, મનગમતી ધૂન શરૂ થાય છે. શ્રીમન્ નારાયણ નારાયણ. નાનામોટા સૌ મસ્ત બની ગાઈ રહ્યા છે.

ભાઈ અપુ (અર્પણ) ઊભો થઈ વિડિયો લે છે. મા પણ ઊભાં થયાં છે. બાળકો શુકન, કૌશલ્ય, ઋષભ, ઉમા પણ ધૂન ઊભા થઈને ગાઈ રહ્યાં છે.



ત્યાંજ સામે પહાડ ઉપર ટેલીફોનના સંશોધક શ્રી ગ્રેહામબેલનું ઘર શ્રી જહોન બતાવે છે. વળી એક મોટા પક્ષીને પણ જહોન જાણે માણસની જેમ વાત કરીને નૌકા પાસે આવકારે છે.

આજનો નૌકા વિહાર સંકીર્તનથી સજાવી દીધો. વચ્ચે વચ્ચે નૌકા પોતાનું બેલેન્સ જાણે હાલમ ડોલમ કરતી હોય એવું પણ લાગતું હતું.

શ્રી જહોન હસાવતાં કહેતા હતા. આ લાઈફ જેકેટ છે જ. ૩૧ વરસમાં કદી ડૂબી નથી. પણ જો ડૂબે તો હું પહેલો હોઈશ અને આ પણ (મા તરફ આંગળી ચીંધીને) પહેલાં હશે. જોકે આજે આપણી બોટ ડૂબવાની નથી.

સતત સંકીર્તન સંસ્કાર ભૂલાવતું હતું. જાણે આકાશી છત્રમાં કોઈક નવા જ વિશ્વમાં સૌ મસ્ત બની ડોલી રહ્યાં હતાં.

દરેક કાર્યમાં—વાનગીમાં પ્રભુ નામનો મસાલો નાંખવો તો તે સ્વાદિષ્ટ થાય. —મા.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

## સ્થાપત્ય કન્સ્ટ્રક્શન

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# 21 Days in Bliss

**Gopi Bhakta**

Jai Krupalu MAA

**Bliss**–to be in a complete state of mental and emotional happiness. Everyday is Bliss when I am with MAA.

I am sitting in a plane heading to Chicago from Toronto. It is still on the ground as final checks are being made on the air–craft. The seat next to mine is empty, but MAA, I feel your presence is there. You are my omnipresent friend who will never leave me and will constantly guide me silently through Your infinite miracles, one after another. My past 21 days with You flew by in a finger snap. Hours, days, and dates are a blur when in Your physical presence MAA. Day after day teach us how to become better human beings, how to help other, how to come closer to Prabhu, and how to appreciate everyone and everything around us.

There are so many memories and lessons I have received and learned from You in these past 3 weeks, I do not know where to begin. You taught me that in this world, everyone can



live without us. Your best friend, father, sibling, husband and wife can all eat, sleep, and go places without you. So why become so attached to them? Love them and care for them, but do not think they can not live without you. When your time is up in this world and you are lying in a coffin, no one is going to volunteer to come with you. No one on this Earth belongs to someone. We are all on our own journey.

Before we came to the Ennismore/ Peterbrough cottage, we were told that this time the rules are very strict, because our focus should be on sadhana. When I first came, throughout the daytime, the youth were all focusing on niyams only. A few days later MAA told us to reduce our niyams. She told us we are on vacation and should read religious/spiritual books and not to be so serious with our niyams. We could change our niyams weekly if we wanted to also. MAA even bought us plastic balls to play games outside, She told every one of all ages in the house to bounce the ball least 2–3 minutes a day to exercise our arms. Even though there was a rule of no eating from 12–4pm, MAA spoiled us after night satangs with fruits and ice cream. MAA You yourself do no eat, but

You never let Your children go to sleep hungry.

We had the privilege to go on walks with MAA. She would put her iPod in her jacket pocket and listen to classical music as we walked all the way to the Gail Park street entrance. On our way back MAA would have a few individulas tell the group an experience or a time their prayers were heard. I feel MAA has us share not only for all Her children to connect, but to build our faith stronger in MAA–Prabhu and to show us the miracle of prayers. Listening to other's experience with MAA–Prabhu makes me realize that MAA has impacted every single devotee in some way. In episode 6 of Ramand Sagar's Sai Baba says, to come closer to God one must have 2 main things: faith in God and patience in God to get your prayers answered.

One day when we were walking back, there laid a squirrel which was run–over. When we came back to the cottage MAA asked if we had seen the dead animal. She said whenever we see an animal on the road like that: fold our hands and pray to Prabhu for its soul to get peace. MAA is every ones! MAA is not only cares for her childern, but anything living. She teaches us to respect any non–living thing also;



such as, never to push or shove things with our feet. MAA has taught us we should respect even our dirty clothes. We tend to throw them into the hamper in no particular order, but MAA teaches us that we should fold them and place them properly. Since 2007 Dashrath Yatra I have taken this into my daily life.

MAA cherishes each and every creation of Hers. This year many families of Canadian Geese, including their goslings, come into the backyard of the cottage, to feed on grass and roots. Every time they come in the backyard, MAA sends Shipraben or Nirumasi to tell everyone in the house to watch from the balcony or through the windows. She was even inspired to write a *pad* after seeing them one day. A mother always feels satisfaction when she watches her childern eat. MAA is exactly the same. She sacrifices Her appetite, but will be so happy to see Her Children eat. In between prarthnas around 8:30pm, MAA sends another message fo all to go outside and see the sunset. Everyday MAA paints a new miraculous sunset on Her canvas sky. MAA teaches us to see beauty around us and to become less ivolved in ourselves or others. We all live a hectic and busy life at home.

No one at home is living on a lake–front with greenery everywehere with water sparkling from the reflection of the beautiful colors of the sunset. MAA wants us to see Prabhu's hand in everything! She gives all credit for any small doing to Prabhu,never once saying I did this. Why can't we start giving credit to MAA–Prabhu also?

MAA You are the utmost perfect role model. Your action and words are perfection! We are so grateful to have You in our lives, but sometimes I think we unworthy of Your divine physical presence. You have so much patience with each of Your children, even if we keep slipping off the main road. If you did not bring us to You in this life, we all would be in a completely opposite direction in terms of eating habits and social–life. I pray that every life–time you always bring us to you. You are the One and Only that will never leave us. My dad always tells me, "Just hold on to the end of MAA's sari and never let go." MAA please give me that strength to hold on. Please give me unfaltering love and faith which will keep me at Your lotus feet always and forever.

Jai Krupalu MAA.



# શાળા તું છે અમારી વ્હાલુડી માવડી

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

દશેરા એટલે હિંદુ તહેવારનો એક શિરમ્હોર ગણાતો તહેવાર. શાસ્ત્રો તેને વિજ્યાદશમી તરીકે ઉજવે. અસ્ત્ર શસ્ત્ર, વાહન, ભવન એ સર્વેના પૂજનનો એક અનન્ય દિવસ. યોગેશ્વર પરિવારમાં કાલિદાસદાદાની પુણ્યતિથિનો દિવસ. વિદ્યાના ઉપાસક એવા એ દાદાના દોહિત્રએ સર્વને તે પાદચિહ્નો પર ચાલવાનું મન થાય તેવું અનોખું તર્પણ કર્યું.

૨૦૦૭ ના ગંગાતટના નિવાસ દરમ્યાન એક સુંદર સંકલ્પ ઊઠ્યો. તે કર્પૂરવનની પ્રાથમિક શાળાના ભવનના પુનઃ નિર્માણનો અને શ્રી શ્રી માની સંમતિથી શ્રી જગદીપભાઈએ તે સંકલ્પને મૂર્તિમંત કરવાની ઇચ્છા દર્શાવી. ૨૦૧૦ માં તે ભવનના નવનિર્માણનો કાર્યક્રમ અનેક આરોહ અવરોહ વચ્ચે પૂર્ણ થયો. અને સહુની વચ્ચે ૐ મા પ્રાથમિક શાળાના તેર ઓરડારૂપે વિદ્યમાન થયો.

તા. ૧૭–૧૦–૧૦ ને દશેરાના દિવસે આ ભવનનો પૂજનવિધિ રાખવામાં આવ્યો અને આખો કાર્યક્રમ સરસ રીતે પાર પડ્યો. કેટલાંય વિઘ્નો આવ્યાં ને ઉકેલાય ગયાં. જે સંકલ્પમાં શ્રી શ્રી માની સંમતિ હોય તે સરસ રીતે પાર પડેજને! ભવનની પૂજનવિધિ કરવા માટે તેનો સંપૂર્ણ આર્થિકભાર વહન કરનાર શ્રી રમેશભાઈ ભક્ત અને જગદીપભાઈ ભક્તનો પરિવાર વિદેશથી અહીં આવી પહોંચ્યો. આ કાર્યક્રમને દીપાવવા માટે યોગેશ્વર પરિવારના સુરત, વડોદરા, રાજકોટ,

મુંબઇ, અમદાવાદ, મોરબી અને આસપાસના અન્ય વિસ્તારના સાધકો પણ આવી પહોંચ્યા.

આ કાર્યક્રમની શરૂઆત સવારે દસ વાગે થઇ. યોગેશ્વર પરિવારના ૧૩૫ જેટલા સાધક ભાઇ બહેનો શ્રી શારદામામી, રમેશકાકા, જગદીપભાઇ નયનાબહેન, ભારતીબહેન અને તેમના પરિવાર જનોને ૐ યોગેશ્વર રક્ષમામ્‌ની ધૂન કરતાં કરતાં મંડપમાં સન્માનપૂર્વક લઇ આવ્યા.

શાળાની સૌથી નાની બાળાના હસ્તે દીપ પ્રાગટ્ય થયું, પછી પરિવાર જનોએ કર્યું. ત્યારબાદ વરદહસ્તની પ્રાર્થના સાથે પ્રત્યેક ઓરડામાં ગાયત્રી ભક્તોની મદદથી શ્રી જગદીપભાઇ અને નયના બ્હેનના હસ્તે ગંગાજળનો છંટકાવ થયો. બાવનીનું ગાન પણ થયું.

શાળામાં શાળાની મહેંક ફેલાવતો સુંદર પારિજાતનાં પુષ્પસમો સાંસ્કૃતિક કાર્યક્રમ થયો. પહેલા ધોરણથી સાત ધોરણ સુધીનાં બાળકોએ સુંદર કાર્યક્રમ કર્યો, જેમાં ઝાંસીની રાણીની વેશભૂષા, ગરબા, શૌર્યગીત, પ્રાર્થના ગીત, સ્વાગત ગીત—એક એકથી ચઢિયાતા કાર્યક્રમો એક પણ ભૂલવિનાના અને ખૂબ ભાવપૂર્ણ રીતે બાળકોએ રજૂ કર્યા. શ્રીમીરાંબ્હેન અને નરેન્દ્રભાઇ અને શાળાના તમામ શિક્ષકોએ લીધેલી મહેનતનું પ્રતિબિંબ કાર્યક્રમમાં દેખાતું હતું.

આસપાસના ગામોના અનેક કાર્યકરો હાજર હતા. પણ તેમાં એક વિરલ દંપતી પણ હાજર હતું. શ્રી નિલમબ્હેન પરીખ અને શ્રી યોગેન્દ્રભાઇ પરીખ. શ્રી નિલમબ્હેન શ્રી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં પ્રપૌત્રી, એ ઓળખ ગૌરવવંતી ખરી, પણ



શ્રી નિલમબ્હેનની પોતાની જ એક આગવી ઓળખ—એક પાયાના કાર્યકર તરીકેની. છેલ્લાં ૫૦ વર્ષથી આ વિસ્તારમાં રહી ખૂબ કાર્યો કર્યાં તે આપણા જગદીપભાઇનાં શિક્ષાગુરુ પણ ખરાં.

તેઓશ્રીએ શ્રી કાલિદાસદાદાને ખૂબ ભવ્ય અંજલિ આપતાં જણાવ્યું કે કાલિદાસદાદા એટલે **મા** કાલીના દાસ—ભક્ત. અક્ષરના આરાધક, વિદ્યાનુરાગી, સતત અધ્યાપન, ચિંતન, સદ્‌વિચાર અને સદ્‌ભાવનાની સૃષ્ટિમાં જ વિહરનારા, દાદા આમ તો ખેડૂતજીવ પણ શિક્ષણ, રામાયણ અને સંગીતનો ભારે શોખ, ગાંધીરંગે રંગાયેલા, આજીવન ખાદી પહેરવાના વ્રતધારી, નખશીખ સૌજન્યમૂર્તિ અને લોકપ્રિય સમાજસેવક, સંસ્કાર અને શિક્ષણના વિસ્તારની ધગશથી ધબકતું સામાજિક જીવન. સતત ઉત્કર્ષ કરવા ઝંખતું જીવન.

પૂ. શ્રી મા સર્વેશ્વરી માટે પણ શ્રી જ્યોત્સ્નાબેને જણાવ્યું કે તેઓ પણ આ પરિવારનાં છે. તેઓનું સમગ્રજીવન પ્રભુ-સમર્પિત—રહ્યું હોવા છતાં તેઓ સાચે જ માનવતાની મહેંકથી ભરેલું સંવેદનશીલ વ્હાલભર્યું મઘમઘતું માનવ પુષ્પ છે.

તેઓશ્રીએ શ્રી જગદીપભાઇ માત્ર આસપાસના વિસ્તારનાં બાળકોની જ નહિ, જિલ્લા કે રાજ્યકક્ષા સુધી પોતાનું પ્રદાન કરી રાષ્ટ્રના ધનિકોને પ્રેરણારૂપ બને તેવી આશા પ્રગટ કરી હતી.

નાનાં નાનાં પ્રદાનનું પણ ઘણું મહત્ત્વ હોય છે જો તે સારી ભાવનાથી કરવામાં આવ્યું હોય તો. એનું ઉદાહરણ આપતાં ભગવાન રામના સેતુબંધ નિર્માણમાં એક નાની ખીસકોલીએ

નાનો કાંકરો મૂકી જે પ્રદાન કરેલું તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તો શ્રી જગદીપાઇનું આ પ્રદાન રાજ્ય કે રાષ્ટ્રના ફલક પર ભલે નાનું લાગે. છતાં તેનું મહત્ત્વ ઘણું મોટું છે. કારણ કે તેની પાછળ કોઇ પદ કે પ્રતિષ્ઠાની અપેક્ષા નથી. શ્રી જગદીપભાઇની મદદથી થયેલું આ ભવનનું નિર્માણ સાચે જ અન્યો માટે પ્રેરણારૂપ બની રહેશે.

શ્રી શ્રી મા સર્વેશ્વરી આ સમારંભમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી શક્યાં ન હતાં, કિન્તુ તેઓશ્રીએ લખી આપેલ પ્રેરણાસ્પદ સંદેશાનું વાંચન મેં (જ્યોત્સ્નાબેને) કર્યું હતું. પૂ. મા વિષે બોલતાં જણાવ્યું હતું કે આ કર્પૂરવન (કપુરાગામને) ગુજરાત કે ભારતમાં જ નહિ, પણ વિશ્વના ફલક પર પોતાની આધ્યાત્મિક સાધના દ્વારા કેવું ચમકાવ્યું છે, તેનો ખ્યાલ વિદેશોમાં વિચરણ કરતાં આવે. પૂ. માએ આપેલ આશીર્વાદનો સંદેશ આ રહ્યો:—

"જન્મભૂમિ કર્પૂરવનની ધરતીને,
વંદન હો. વંદન હો. વંદન હો.

કર્પૂરવનનું સદ્‌ભાગ્ય છે કે શિક્ષણપ્રેમી શ્રી સયાજીરાવ ગાયકવાડે અહીં સરસ્વતી મંદિરનું સર્જન કર્યું. ત્રણ ઓરડાની એ નાનકડી શાળામાં અમારા જેવાં અનેક વિદ્યાર્થીઓએ એકડો ઘૂંટ્યો છે.

પણ એ બધા વિદ્યાર્થીઓમાં જગદીપ નામના વિદ્યાર્થીએ આજ સુધી એવું માન્યું કે આ મારી લ્હાલી, પ્યારી શાળા છે.

એ શાળા માટે પ્રેમ એટલે ભાઇ જગદીપ વિદેશમાં વસે છે, છતાં વિચાર્યું કે ચાલ એ શાળામાં એક ઇંટ મૂકુ, એક ઓરડો બંધાવું અરે, એના કરતાં આખી શાળા જ નવી બંધાવું!



૩ ઓરડાની એ શાળામાંથી ૧૩ ઓરડાની અદ્યતન સુવિધાવાળી આખી શાળા ભાઇ જગદીપે એકલાએ ઊભી કરી.

જગદીપને એની સાચા અર્થમાં ધર્મપત્ની નયનાબેન મળ્યાં છે તો એના સહયોગથી એ આવડી મોટી શાળાનું સર્જન કરી શક્યા.

જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શૂર.

દાનવીર જગદીપને જન્મ આપનારા માતા શારદાબેનના સંસ્કારને પણ અભિનંદનને વંદન.

જગદીપના પિતાશ્રી રમેશભાઇ પણ સંતાનના દરેક સત્કર્મમાં પ્રસન્નતાથી પડખે રહ્યા તેમને પણ અભિનંદન ને વંદના.

ભાઇ જગદીપ—નયનાના સહયોગથી આવાં અનેક સત્કર્મ કરતાં રહો એવી પ્રાર્થના છે.

ભાઇ જગદીપની સાત્ત્વિક ઇચ્છાને સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટનો સહારો મળ્યો અને શ્રી રાજુભાઇ તથા ભાઇ તારક જેવા સેવકમિત્રો મળ્યા તો આજે કર્પૂરવનને એક નવી જ શાળા પ્રસાદમાં પ્રાપ્ત થઇ છે.

જેમણે જેમણે સહયોગ ધર્યો તેને સૌને અભિનંદન.

આજે શ્રી કાલીદાસદાદાની પુણ્યતિથિ છે દાદાજીના ઉત્તમ આદર્શો અને સિદ્ધાંતોને ભાઇ જગદીપે આ શિક્ષણની સેવા કરી દાદાજીનું સાત્ત્વિક તર્પણ જ કર્યું છે.

શ્રી કાલીમંદિરના જ શ્રી વિઠ્ઠલભાઇ તરફથી આ શાળાને અખિલ પ્રાર્થના મંદિરનો હોલ પણ મળ્યો છે.

આ નવી શાળામાં વિદ્યાર્થીઓને સારા, આદર્શ શિક્ષકો મળતા રહે, બાળકોનો અભ્યાસ તેજસ્વી બને, અધિકારી વર્ગ આ નવી શાળાની સર્વ પ્રકારે સંભાળ લેતા રહે, એવી પ્રાર્થના છે.

જગદીપ નયનાને વિશેષ અભિનંદન. સમાજનું ઋણ ચૂકતે કરવાની તમારી પ્રવૃત્તિને વંદન.

તાપી જિલ્લાના ઈતિહાસમાં આ પ્રથમશાળા એવી હશે કે જે એના એક જ વિદ્યાર્થીએ પોતાના જ એકલાના જ પુરુષાર્થની શ્રી લક્ષ્મીથી નવસર્જન કર્યું હોય.

એ રીતે આ શાળાની સાથે ભાઈ જગદીપ પણ સ્મરણીય બની રહેશે.

શિક્ષણસંસ્થાનું આવું ઉત્તમ ઋણ અદા કરવાની પ્રવૃત્તિને અભિનંદન.''

બાળકોએ ખૂબ શિસ્ત જાળવી હતી, લગભગ ૫૦૦ માણસોની હાજરી હતી, છતાં પણ ક્યાંય ઘોંઘાટ અવ્યવસ્થા જેવું કંઈ જ ન હતું. બાળકોએ ખૂબ ધીરજ દાખવી હતી. કાર્યક્રમનાં વક્તવ્યો પછી પૂ. શ્રી માના પરિવાર જનોએ પ્રત્યેક રૂમમાં દીપ પ્રાગટ્ય કર્યું હતું.

અંતે પૂ. મા ભલે પ્રત્યક્ષ હાજર ન હોય પણ કોઈનો ઋણ સ્વીકાર કરવાની પ્રણાલિ કેમ ભૂલાય! આ શાળાના નવનિર્માણમાં નાનું મોટું પ્રદાન કરનાર સૌને યાદ કરી પુરસ્કૃત કરવામાં આવ્યા–જેમાં મુખ્ય હતા શ્રી તારકભાઈ તેમ જ સર્વમંગલ ટ્રસ્ટના શ્રી રાજુભાઈ જાની. તો કર્પૂરવનના સરપંચ શ્રી મહેન્દ્રભાઈ તથા શ્રી રામભાઈ, તે ઉપરાંત પગીથી માંડી



પ્લમ્બર, કડિયા, મિસ્ત્રી, ઈલેક્ટ્રીશીયન તથા રંગ કરનાર દરેક ભાઈઓને પુરસ્કૃત કરી બિરદાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે શ્રી જગદીપભાઈ તરફથી બહારગામથી આવેલા સાધક ભાઈબ્હેનો તેમ જ શાળાના સમગ્ર સ્ટાફ અને પ્રત્યેક બાળકને ચવાણા અને મોહનથાળના પ્રસાદનાં પડીકાં વહેંચવામાં આવ્યાં હતાં.

શાળાના નવા ભવનને ''ૐ મા પ્રાથમિક શાળા'' એવું સરસ નામ આપવામાં આવ્યું હતું.

કર્પૂરવનનાં સંભારણાં તો ખૂબ મીઠાં હોય છે પણ શાળા પૂજનના આ કાર્યક્રમનું એક અતિ મધુર સંભારણું લઈ સહુ વિદાય થયા. સહુએ મનોમન પ્રાર્થના કરી કે આ શાળામાં અભ્યાસ કરનાર વધુ નહીં તો પૂ. માનો એકાદ ગુણ લઈને ચાલે અને ગામ અને શાળાનું નામ દીપાવે એવું કંઈક કરે, શાળા એટલી સરસ છે કે આપણને પણ નાના થઈ તેમાં ભણવાનું મન થઈ જાય. હે મા! આપની શાળા એ અમારા સહુ માટે તીર્થ છે. આપ તો એ સરસ્વતી મંદિરનાં વિદ્યાર્થી ન રહેતાં, સ્વયં સરસ્વતી બની ગયાં છો, એવા આપના સરસ્વતી સ્વરૂપના ચરણે કોટિ કોટિ પ્રણામ.

દિવાળીમાં સાધકોએ જીવનનાં ચોપડાનાં જુનાં ચિતરાઈ ગયેલાં બધાં પાનાં ફાડી નાંખી ચોપડા સ્વચ્છ કરવા. હવે પછીના પૃષ્ઠોમાં પ્રભુને હસ્તાક્ષર આપવાનું મન થાય તેવા સ્વચ્છ રાખવા. **–મા**

# સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા

સ્વામી રામદાસ

રોજ ત્રણ સભા થતી. સાંજની સભા પૂરી થતાં અડધો કલાક મૌન રાખી ધ્યાન માટે રોજ બધાં બેસતા. દીવાના આછા પ્રકાશમાં, સર્વવ્યાપક અનંત ચેતનામય ઈશ્વર સાથે મનને જોડી અમે સૌ ભોંય ઉપર શાંત બનીને બેસતા. તે સમયનાં સ્વસ્થતા અને ગાંભીર્ય ખરેખર આશ્ચર્યજનક હતાં. શાંતિ, પ્રકાશ અને આનંદના સમુદ્રમાં દરેક જણ નહાઈ રહ્યો હતો.

ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે, તેની સત્યતા જાણવા અનેક જિજ્ઞાસુઓ પડોશમાંથી અને દૂર દૂરથી રામદાસને મળવા આવતા હતા. સભા પૂરી થતાં તેમાંના કેટલાંક રામદાસને એકલા મળવા માટે ઈચ્છતા હતાં. તેમની સાથેની વાતોમાં રામદાસ માટે તેમની પ્રબળ શ્રદ્ધા અને પ્રેમ જણાઈ આવતા. ફળફળાદિ, મીઠાઈ, પુષ્પો તેમ જ ધાર્મિક પુસ્તકો વગેરે લાવી રામદાસને તેઓ અર્પણ કરતા હતા. કેટલીક વાર તો સાદા મધુર અને પ્રેમભર્યા શબ્દોમાં તેઓ પત્રો લખી આવતા. શુદ્ધ ભાવનાથી ભરેલા આ બધા લોકો રામદાસને ઈશ્વર માટેના સાચા જિજ્ઞાસુ અને ઉપાસકો લાગ્યા.

ભારતના વિધવિધ પ્રદેશોમાં ફરતી વેળાએ અગાધ પ્રેમ અને આદરથી ભરેલા હજારો લોકો રામદાસને મળતા હતા. ભારતથી ઘણે દૂર અહીંયાં યુરોપના સ્વિટ્ઝર્લેન્ડમાં પણ તેવા જ પ્રકારની મૈત્રી અને પ્રેમાળ ભાવના લોકોમાં જોવાને મળી. સભામાં એકાદ બે વખત તો બધાને રામમંત્ર પણ ગવડાવ્યો હતો; ત્યારે બધા સભાજનો એકત્ર બની ધૂનમાં જોડાયાં હતાં, અને તેનો આનંદ મેળવ્યો હતો.



## ઈશુ ખ્રિસ્તનું દર્શન

એક દિવસ સાંજના એક રોમન કેથોલિક પાદરી સાથે કેટલાક યુવાન ભાઈઓ આવી બીજાઓ સાથે ખંડમાં બેઠા, સાંજના આઠ વાગે વાર્તાલાપ પૂરો થતાં આ ભાઈઓ રામદાસને એકાંતમાં મળવા ચાહતા હતા. પરંતુ તેમની સાથે આવેલા પાદરી રામદાસને મળવા ખાસ આતુર ન હોવાથી ઘેર જવાની ઉતાવળમાં હતા. છતાં પેલા યુવાનોના આગ્રહને વશ થઈ તે પણ ત્યાં આવ્યા. રામદાસે ખૂબ પ્રેમથી તેમનો સત્કાર કરી બેસવા માટે ખુરશી આપી. જ્યારે બીજા બધા જમીન ઉપર બેઠાં. જીન હર્બર્ટ જેઓ રામદાસ પાસે બેઠા હતા તેમણે કહ્યું કે આ પાદરીને ખાસ કંઈ પૂછવાનું નથી પરંતુ આપને ઈશુ ખ્રિસ્તનાં દર્શન થયાં તે વિષે આ યુવાનો જાણવા માગે છે.

આ ઉપરથી હિમાલયમાં ઈશુનાં દર્શન થયાં હતાં. તેનું વિસ્તૃત વર્ણન રામદાસે તેમને કહી સંભળાવ્યું. રામદાસે કહ્યું :

રામદાસ ભણતો હતો તે દિવસોથી જ તેને ઈશુ તરફથી પ્રેરણા મળતી હતી. કારણ કે તે સમયે શાળામાં બાઈબલ શીખવવામાં આવતું હતું. તે વખતથી જ તેને અંતરમાં ઈશુ માટે ખૂબ જ માન છે. ત્યારથી જ ઈશુનાં બોધવચનોથી તે આવો જ આદર—મુગ્ધ રહ્યો છે. કૃષ્ણ—રામ—બુદ્ધ જેવા અવતારો માટે પણ તેને આવો જ આદર હતો. પરંતુ જ્યારે રામદાસને આ નવું જીવન પ્રાપ્ત થયું ત્યારે તેને લાગ્યું કે ઈશું, કૃષ્ણ અને બુદ્ધથી તેના જીવનમાં અદ્ભુત અસર થઈ હતી. તેમના ઉપદેશો વાંચી રામદાસ તેમાંથી અમૂલ્ય પ્રેરણા મેળવતો. ઈશ્વર કે જેની ગતિ ગહન છે, તેણે જ કૃષ્ણ, બદ્ધ અને ઈશુના સ્વરૂપે દર્શન આપ્યાં હતાં, અને આ ત્રણે મહાન વિભૂતિઓએ ઈશ્વરસાક્ષાત્કાર માટે

આવશ્યક મન, વાચા અને કર્મની શુદ્ધિ તેને સમજાવી હતી. રામદાસે તેમનું શરણ લીધા પછી તેઓ માર્ગદર્શક બન્યા અને તેને પ્રેરણા આપી.

હિમાલયની ગુફામાં ઇશુ ખ્રિસ્તનાં દર્શન થયાં તેનું વર્ણન હવે રામદાસ આપે છે. તે દિવસોમાં રામદાસને પાંચ દિવસના ઉપવાસ હતા. કેવળ ગંગા–જળ તે લેતો હતો. દિવસ અને રાત જાગૃત રહી તે ઈશ્વર વિષે સતત ચિંતન કરતો હતો. રાત્રિના વખતે ગુફામાં દીવો રાખતો નહોતો. એક વખત મધ્યરાત્રિએ આખીએ ગુફા એક અનેરા પ્રકાશથી ઝળહળી ઊઠી. રામદાસ આંખો બંધ કરીને બેઠો હતો. પ્રકાશનું દેદીપ્યમાન તેજ તેની આંખો ઉપર પડતાં તેણે આંખો ઉઘાડી. પોતાની પાસે જ તેણે એક તેજસ્વી મૂર્તિને બેઠેલી જોઇ. અંતરથી જ તેને લાગ્યું કે તે ઇશુ ખ્રિસ્ત હતા. બદામી રંગનો લાંબો ઝબ્બો તેમણે પહેર્યો હતો. વાળનાં જુલ્ફાં બન્ને ખભા ઉપર છૂટાં પથરાયેલાં હતાં, અને તેમની મુખમુદ્રા ઉપર અત્યંત મધુરતા, પ્રસન્નતા અને દૈવી તેજ શોભી રહ્યાં હતાં. ખાસ કરીને તેજસ્વી તારા જેવી ચળકતી આંખોથી રામદાસ મુગ્ધ થયો. આ નયનો જોતાં વેંત જ રામદાસ ભાન ભૂલી સમાધિ–દશામાંઆવી ગયો. તે વખતના આનંદનું વર્ણન અકથનીય છે. તે વ્યક્તિએ થોડા શબ્દો પણ ઉચ્ચાર્યા. પરંતુ રામદાસથી તે ભાષા સમજાઇ નહીં અને આ દર્શન ફક્ત થોડીક પળો સુધી રહ્યું. પરંતુ તેના પરિણામે બીજા દિવસનો પ્રાતઃકાળ એકદમ આનંદમય બની રહ્યો.

### પ્રેમનો વિજય

ત્યાં આવેલામાંથી એક યુવાન ભાઈએ ઉત્તર ફ્રાંસમાં રહેતા કોઇ આત્મસાક્ષાત્કાર થયેલ વ્યક્તિ સાથેના તેના સંબંધની વાત



કાઢી. રામદાસ સાથે વાતો કરતાં કરતાં તે ભાઇ ઉશ્કેરાઇ ગયા અને તેમની ભાષા ઉદ્ધતાઇ ભરેલી લાગતાં ત્યાં એકઠાં મળેલ દરેકે તેમને બોલતા રોક્યા. પરંતુ રામદાસે તેમને બોલવા દીધા. તેમની સાથે થયેલી પ્રશ્નોત્તરી આ હતી :

**પ્રશ્ન :** "ફ્રાન્સમાં રહેતા શ્રી જ્યોર્જ નામના માણસ વિષે આપે સાંભળ્યું છે? એ કહે છે કે તેઓ ખ્રિસ્તનો નવો અવતાર છે, અને ૪૦૦૦ વર્ષ પહેલાં તે આ પૃથ્વી પર હતા, અને જે કોઇ તેનાં દર્શન કરે છે તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. આ વિષે આપ શું માનો છો?"

**રામદાસ :** રામદાસની દૃષ્ટિએ તો તમારા દરેકમાં તે એક જ ઈશ્વર વ્યાપેલો છે, અને એકમાં ઈશ્વર જોવો અને બીજામાં નહિ તે તેને રુચતું નથી. બીજાઓના હૃદયમાં રહેલા ઈશ્વરને જે જગાડે છે, તે જ ખરા મહાન આત્મા છે. આવા મહાન આત્મા-નું આપણે આદર અને પૂજન કરવું જોઇએ. રામદસ જ્યાં જુએ છે ત્યાં તેને ઈશ્વરનું દર્શન થાય છે અને તેજ દૃષ્ટિ લઇ તે અત્રે આવ્યો છે. આ જ દર્શનમાં તે જીવે છે, ફરે છે અને પોતે પ્રાપ્ત કરેલો આનંદ બધાંને વહેંચે છે. જો રામદાસથી તે મહાત્માને મળી શકાશે, તો જરૂર મળશે. રામદાસને માટે તો તમે સૌ તે અવિનાશી દિલદારનાં વિધવિધ સ્વરૂપો છો. તમારામાં તમે જ તમારી આસપાસ સર્વત્ર ઈશ્વરને તમે કેવી રીતે જોઇ શકો તે બતાવવા રામદાસ અત્રે આવેલ, જેથી તમે આ દુનિયામાં વિવિધ દેખાતાં દશ્યોમાં એક જ તત્ત્વ નિહાળી શકો. તમે કેવળ નાશવાન્ શરીર નથી. પરંતુ તમે તો એક શાશ્વત, અમર, સર્વવ્યાપી તત્ત્વ છો. અને આ વસ્તુની તમને પ્રતીતિ થતાં તમને એક શાશ્વત શાંતિ અને પરમ આનંદનો અનુભવ થશે.

**પ્રશ્ન :** પરંતુ જે સાક્ષાત્કાર થાય તે તો વ્યક્તિગત જ હોય ને? ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટે કયું સાધન સૂચવો છો?

**રામદાસ :** રામદાસને એક જ સાધન ઠીક લાગ્યું છે, અને તે ઈશ્વરનું સતત નામસ્મરણ. આ રીતે તમારામાં વસી રહેલા ઈશ્વર સાથે તમે તદાકાર થઇ જઇ તમે પોતે જ તે ઈશ્વરસ્વરૂપ છો એવી સાચી પ્રતીતિ થશે.

**પ્રશ્ન :** ઈશુ ખ્રિસ્તે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે અને તે કહે છે કે તે ઈશ્વરનો અનુચર છે. તમને તે વિષે શું લાગે છે?

**રામદાસ :** હા! રામદાસને તે સાચું લાગે છે. ઈશુ ખ્રિસ્તે કહ્યું છે કે હું અને મારા પિતા એક છીએ. તો પણ તેણે તે પરમ પિતાના પુત્ર તરીકે પોતાને ઓળખાવ્યો છે.

**પ્રશ્ન :** તો શું તે બન્નેમાં તાત્ત્વિક ભેદ જ નથી?

**રામદાસ :** એક વખત મનુષ્યને સાક્ષાત્કાર થયા પછી ઈશુ ખ્રિસ્ત અને તેની વચ્ચે ભેદ રહેતો નથી.

**પ્રશ્ન :** તો પછી તે પરમ સ્થિતિએ એકલો ઇશુ ખ્રિસ્ત કેમ પહોંચ્યો?

**રામદાસ :** બીજા ઘણાઓ એ સ્થિતિએ પહોંચ્યા છે.

**પ્રશ્ન :** ઇશુ ખ્રિસ્તની માફક તેવા બીજાઓએ કેમ જગતને પ્રકાશિત કર્યું નથી?

**રામદાસ :** બુદ્ધનો જન્મ ઇશુ ખ્રિસ્ત પહેલાંનો છે. કૃષ્ણનો પણ તે પૂર્વનો છે. તેઓએ પણ જગતને પ્રકાશમાન કર્યું હતું.

**પ્રશ્ન :** અત્યારે ભગવાન ઇશુ આપણી વચ્ચે હોય તો તમે ઓળખી શકો ખરા?



**રામદાસ :** હા! જરૂર.

**પ્રશ્ન :** પરણેલાઓ આત્મસાક્ષાત્કાર ન કરી શકે?

**રામદાસ :** ઈશ્વરના સાક્ષાત્કાર માટે અખંડ બ્રહ્મચર્ય આવશ્યક છે.

**પ્રશ્ન :** ગાંધીજીએ તો ૩૬ વર્ષ પછી બ્રહ્મચર્ય રાખ્યું હતું.

**રામદાસ :** તેમણે જીવનમાં બહુ પહેલેથી બ્રહ્મચર્ય પાળ્યું હતું. બ્રહ્મચર્યનો અર્થ બ્રહ્મની પ્રાપ્તિના રસ્તે જવું તે. તેમાં તમને ઈશ્વરનું સતત ભાન રહેવું જોઇએ, અને આ દશામાં વિકારને જરાયે સ્થાન હોતું નથી; કારણ ત્યાં સ્ત્રી–પુરુષનું દ્વંદ્વ રહેતું નથી; તો પછી વિકારનો ઉદ્ભવ ક્યાંથી સંભવે? જ્યાં વિકારનું લેશ માત્ર નામનિશાન ન હોય તેવી પરમ આધ્યાત્મિક ભૂમિકાએ તમારે પહોંચવું હોય તો તમારી દૃષ્ટિમાં આ સ્ત્રી છે. આ પુરુષ છે, એ પ્રકારનો ભેદ મટી જવો જોઇએ. તેમનામાં કેવળ નામરૂપ રહિત આત્મસ્વરૂપ એક સત્યનાં દર્શન તમને થવાં જોઇએ, અને શરીરથી પર થયા વિના આ પ્રમાણે થઇ શકતું નથી.

બે કલાકના વાર્તાલાપ પછી સભા પૂરી થઇ અને રામદાસે ઊભા થઇ તેની પાસે બેઠેલા શ્રોતા–વર્ગ સાથે હાથ મિલાવ્યા અને તેમાં સૌથી પ્રથમ પેલા યુવાન મિત્ર હતા. રામદાસની સાથે હાથ મિલાવતી વખતે તે ભાઇના હૃદયમાં લાગણીનો એટલો બધો આવેશ ઊભરાઇ આવ્યો કે તેણે રામદાસની પાસે આવી તેના બંને ગાલ ઉપર પ્રેમભાવે ચુંબન કર્યું. છૂટા પડતી વખતે ઘણા ભાઇઓનાં હૃદય ભરાઇ ગયાં હતાં.

**(હરિરેવ જગત્‌માંથી સાભાર)**

# મોહન ગિરિધારી

**સર્વેશ્વરી**

આજ અહીં આવ્યો રે,
મોહન ગિરિધારી....
કૈંક વરસોથી રાહ હું જોતી,
પળપળની મારી પ્રાર્થના પહોંચી,
હાં રે...એ તો આવ્યો ગોકુલને છોડી..અહીં...
જીવનવાટને સીધી બનાવી,
રોમરોમમાં ભરી આનંદ હેલી,
હાં રે...એ તો આવ્યો ગોકુલને છોડી..અહીં...
રોજ રોજ જપની માળા સ્વીકારી,
બંધાઈ જાશે એ તો પ્રીતની દોરી,
હાં રે...હવે ક્યાંય ના જાશે દોડી..અહીં...
નિત નવાં રૂપે દર્શન દેશે,
રસભર્યા એ તો રાસ રમાડશે.
હાં રે...દિવ્ય સાંન્નિધ્ય દેશે સાચે..અહીં...
હાં રે...દિવ્ય રૂપે રહેશે મારી પાસે..અહીં...



પ્રભુપંથના પ્રવાસના પ્રામાણિક પ્રયત્નો બાદ જ્યારે પ્રાર્થનાઓ સંભળાવા માંડે, અરે પ્રભુના દર્શનની ઝાંખી થાય ત્યારે સાધકના અંતઃકરણમાં આનંદ છવાઈ જાય.

વર્ષોની રાહ જોયા બાદ પ્રભુ—દર્શનની ઝાંખી થઈ. હવે પ્રભુનું દિવ્યરૂપ મારી સાથે જ રહે તો? નિત્ય નવાં દર્શન થયા કરે તો! મારી જપની માળાથી પ્રભુ બંધાઈ જાય તો!

આવી આવી કલ્પનાઓથી પ્રભુદર્શનની થયેલી ઝાંખીને સતત સમીપે રાખવા આ પ્રાર્થના રચાઈ.

આ પ્રાર્થનામાં અનુભૂતિનો આનંદ વણાયેલો છે.


પ્રભુ સમક્ષ નિવેદન કર્યા કરો તો કૃપા—સંતોષ—રાહત મળે જ મળે. **—મા**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# ઈશાવસ્ય ઉપનિષદ

શ્રી યોગેશ્વરજી

## (૧) આરંભ

શંકરાચાર્ય ભગવાને વિદ્વાનોએ વાંચવા, પાઠ કરવા ને મનન કરવાં જેવાં જે દસ ઉપનિષદ કહ્યાં છે તેમાં ઈશાવાસ્ય ઉપનિષદ સૌથી પહેલું છે. ટૂંકું પણ તે સૌથી વધારે છે ને લોકપ્રિય તથા પ્રખ્યાત પણ ઘણું છે. વ્યાવહારિક જીવન ને કર્મ પર તેમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હોવાથી કર્મમાં માનવાવાળા ને કર્મરત માણસો પણ તેના તરફ ખાસ આદરભાવ રાખે છે. કેટલાક તો તેનો નિત્યપાઠ પણ કરે છે. કોઈ–કોઈ ઠેકાણે સમૂહપ્રાર્થનાના કાર્યક્રમમાં પણ તેનો લાભ લેવાય છે. એ રીતે માણસોનું ધ્યાન તેના તરફ ઠીકઠીક ખેંચાયું છે.

કેટલાક લોકો એમ માને છે કે ઉપનિષદ તો વિદ્વાનોને માટે છે, સાધારણ બુદ્ધિવાળાનું તેનાં વાચનમનનમાં કામ નહીં. તો કોઈક તેને સંસારના વ્યવહાર છોડી દીધા પછી સમજવાની સામગ્રી સમજે છે ને વર્તમાન જીવન સાથે તેને કોઈ સંબંધ નથી એમ માને છે. પણ તે માન્યતા ભૂલભરેલી છે. ઉપનિષદ તો ધર્મપ્રેમી ને જીવનની ઉન્નતિમાં માનનાર દરેક માણસ માટે છે. તે વ્યવહાર કરતાં–કરતાં પણ વિચારી કે સમજી શકાય છે, ને તેની સાચી સમજ આપણા વ્યવહાર તેમજ જીવનને સુંદર બનાવવામાં મહત્ત્વની ફાળો આપી શકે તેમ છે. એટલે તેનો વિચાર સૌએ કરવાની જરૂરી છે. ઉપનિષદ કોઈ એક વર્ગની



નહીં પણ મનુષ્યમાત્રની મૂડી છે.

વિચારની જરૂર જીવનમાં ઘણી છે, પરંતુ એકલો વિચાર ખાસ કામ નહીં લાગે. વિચાર સાથે તેનો અમલ કે આચાર જોઈએ. આપણે ત્યાં વિચારકોની કમી નથી. વધારે યા ઓછા પ્રમાણમાં વિચાર કરવાની શક્તિ લગભગ દરેક માણસમાં હોય છે. શાસ્ત્રીય જ્ઞાન ને વિદ્વત્તા તથા શાસ્ત્રાભ્યાસમાં પ્રવીણ પુરુષો પણ ઘણા છે. વેદ, ઉપનિષદ ને ગીતા જેવા ગ્રંથોના સાર ભાગને મોટે બોલી જાય ને તેના પર ઊંડામાં ઊંડું ઉપદેશ આપી શકે ને વિસ્તારથી લખી શકે તેવા પણ ઘણાં છે. પણ મુખ્ય જરૂર અનુભવની કે વ્યવહારિક જીવનમાં તેને ઉતારવાની છે ને તેવા પ્રયોગપ્રેમી પુરુષો થોડા છે. આચારના પ્રયોગમાં પ્રારંગત થયેલા એથી પણ થોડા છે. જીવનને ઉજ્જવળ કરવા એવી પ્રયોગપ્રિયતા કે પારંગતતા મેળવવાની જરૂર છે. માટે આપણે આચાર કે વ્યવહાર તરફ વધારે ધ્યાન આપીએ તે જરૂરી છે. જીવનના ઉત્કર્ષ માટે જરૂરી વસ્તુ તે જ છે. તેના વિનાના એકલા મનનથી કોઈ વિશેષ હેતુ નહીં સરે.

## (૨) ત્યાગની ભાવના

ઈશાવાસ્ય ઉપનિષદમાં કર્મનો મહિમા ખૂબ સારી રીતે ગાવામાં આવ્યો છે. જીવનની ઉન્નતિમાં કર્મનો ફાળો કેટલો બધો મહત્ત્વનો માનવામાં આવ્યો છે તેનો ખ્યાલ આ ઉપનિષદ પર નજર નાખતાં સહેજે આવી જાય છે. ભારતના ઋષિવરોએ આધ્યાત્મિકતા, તત્ત્વજ્ઞાન કે આત્મોન્નતિને નામે બે હાથ જોડીને જગતને મિથ્યા કે અસાર માનીને બેસી રહેવાનો જ ઉપદેશ આપ્યો છે એવું જે લોકો માની બેઠા છે તેની માન્યતા ખોટી છે

એવું આ નાનકડા ઉપનિષદને વાંચવા—વિચારવાથી સહેજે સમજી શકાય છે. આ ઉપનિષદ કદમાં ઘણું નાનું છે પરંતુ સારની દ્રષ્ટિએ મોટું છે. થોડા શ્લોકોમાં ઘણો મહત્ત્વનો મસાલો જોઈતો હોય તો આ ઉપનિષદ જોયા વિના ચાલે તેમ નથી.

આ ઉપનિષદની શરૂઆતમાં જ કહેવામાં આવે છે કે જગતમાં જેટલા પદાર્થો છે તે બધા પરમાત્માથી ઓતપ્રોત છે. પરમાત્મા સંસારના બધા જ પદાર્થોમાં વ્યાપેલા છે. જગતમાં જે કૈં પદાર્થો દેખાય છે અથવા જુદાંજુદાં નામ ને રૂપ ધારણ કરીને જે વસ્તુ વિલસી રહી છે તે પરમાત્માનું જ પ્રતીક છે. પરમાત્મા જ રસરૂપે, પ્રેમરૂપે, પ્રકાશરૂપે ને સુંદરતારૂપે સંસારમાં પ્રકાશી રહ્યા છે. સૌથી પહેલાં તો માણસે આ સત્યને સમજી લેવાની જરૂર છે. તેની સાથેસાથે જે પદાર્થો પરમાત્માના છે તેમનો જરૂર પ્રમાણે સ્વાદ લેવામાં કે ઉપયોગ કરવામાં કશી હરકત નથી એ પણ સમજી લેવાની જરૂર છે. એટલે કે સંસારનો ને સંસારની વસ્તુનો કોરો ત્યાગ જરૂરી નથી. સંસારના પદાર્થો ને વાતાવરણની વચ્ચે રહેવામાં કશી હરકત નથી એ પણ સમજી લેવાની જરૂર છે. એટલે કે સંસારનો ને સંસારની વસ્તુનો કોરો ત્યાગ જરૂરી નથી. સંસારના પદાર્થો ને વાતાવરણની વચ્ચે રહેવામાં કશી હરકત નથી. સંસારની રચના ને તેમાં માનવનો પ્રેવશ જ તેના જરૂરી રસાસ્વાદને માટે છે. પરંતુ તે સ્વાદ ને ભોગ એવો અમર્યાદ ન હોવો જોઈએ કે તેમાં ડૂબીને માણસ પોતાનું કર્તવ્ય જ ચૂકી જાય અથવા તો પરમાત્માને ભૂલી જાય. એટલે ઉપનિષદ કહે છે કે સંસારનો ઉપભોગ ત્યાગ ભાવથી કરવો જોઈએ.



ત્યાગભાવનો અર્થ બહુ અટપટો અને અઘરો નથી. બધા જ પદાર્થો પરમાત્માના છે તેથી માણસે તેમના સમાગમ કે સંબંધમાં આવવાનું થાય ત્યારે તેમના પર માલિકીપણાની મહોર મારવાની જરૂર નથી. માલિકીપણાની દૃષ્ટિ રાખવાથી અથવા પદાર્થોમાં મમત્વ રાખવાથી માણસ રાગદ્વેષ, સુખદુઃખ ને હર્ષશોકનો અનુભવ કર્યા કરે છે. માટે જ મહાન પુરુષોએ માલિકીપણા ને મમતાના ભાવોનો ત્યાગ કરીને સંરક્ષક ભાવને વિકસાવવાનો ઉપદેશ આપ્યો છે. પરિણામે પદાર્થોનો સ્વાદ લઈને માણસ સુખ મેળવે ખરો, પરંતુ પદાર્થોના વિયોગની દશામાં તે દુઃખી ન થાય ને શોકની માઠી અસરથી મગજ પરનો કાબૂ પણ ન ખોઈ બેસે. તે એમ જ માને કે જે પદાર્થો પરમાત્માના હતા તે પરમાત્માએ લઈ લીધા માટે તેમનો શોક વ્યર્થ છે. આ રીતે આ વિવેકનો ઉપયોગ મનની સ્થિરતાને સાચવી રાખવામાં થઈ શકે છે. અલિપ્ત—ભાવની માવજત માટે પણ આવી સમજ ખૂબખૂબ ઉપયોગી થઈ પડે છે.

### (૩) ત્યાગની ભાવનાનો બીજો ભાવ

'ઈશ્વર બધે વ્યાપક છે' એ વાતને યાદ રાખવાથી એક બીજો લાભ પણ સહજ રીતે જ થઈ જાય છે. તે લાભ સમદૃષ્ટિનો ને તેને પરિણામે ઉત્પન્ન થતી આચારશુદ્ધિનો છે. જે માણસ સંસારમાં સર્વત્ર એક ઈશ્વરની જ સત્તાનું દર્શન કરવાની ટેવ પાડે છે તેના નાના ને મોટા બહારના ભેદભાવ ધીરેધીરે દૂર થઈ જાય છે. મનુષ્ય, પશુ, પ્રાણી, પંખી ને વનસ્પતિ સૌમાં પ્રભુનો પ્રકાશ માનીને તે સૌની સાથે સ્નેહભરેલો ને મધુરો વ્યવહાર રાખે છે, ને સૌના સુખ તથા હિતમાં રાજી રહે છે. ઈશ્વર

વિશેની તેની આવી વ્યાપક સમજથી તેની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન થઇ જાય છે. સંસારના બધા જ પદાર્થોને તે પરમકૃપાળ પરમાત્માના પ્રતિનિધિ માનીને સૌને મનોમન વંદન કરે છે ને સૌમાં રહેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરે છે. પ્રભુદર્શન તેને માટે આ રીતે સહજ ને સ્વાભાવિક બને છે. આવી ઈશ્વરમય દૃષ્ટિ જેને મળી જાય તે સંસારમાં કદી આસક્ત નથી થતો ને કોઇ પણ સંજોગોમાં પરમાત્માને ભૂલી પણ નથી જતો.

સંસારના પદાર્થોને ત્યાગભાવથી ભોગવવા તેમાં એક બીજો ભાવ પણ રહેલો છે. તેનો સાર એવો છે કે પોતાની પાસે જે કંઇ વિશેષ વસ્તુ હોય તેનો ઉપયોગ પોતાનાં સુખ ને હિતને ખાતર કરવાની સાથેસાથે બીજાના હિત માટે પણ કરવા માણસે સદા તૈયાર રહેવું જોઇએ. પોતાની પાસે જે ધન, તપ, બળ, જ્ઞાન, ઐશ્વર્ય છે તે ઈશ્વરનું ને ઈશ્વરે આપેલું છે એમ માનીને તેનો ઉપયોગ કેવળ પોતાના ભોગ માટે નહીં પરંતુ બીજાને માટે પણ કરવાની જરૂર છે. મતલબ કે પોતાનું જ પેટ ભરવાની વૃત્તિનો માણસે કાયમને માટે ત્યાગ કરવો જોઇએ. જીવન કેવળ પોતાને માટે નહીં પરંતુ બીજાને માટે પણ છે એ ભાવનામાં તેણે પ્રતિષ્ઠિત થવું જોઇએ, એટલું જ નહીં, તે ભાવનાની જીવંત મૂર્તિ બનવું જોઇએ. સેવાભાવનો જન્મ બીજાને કામ આવવાની આ ભાવનામાંથી જ થાય છે. માણસ જીવનભર બીજાની મદદ મેળવીને મોટો થાય છે અથવા તો બીજાની પાસેથી કાંઇ ને કાંઇ લીધા કરે છે. બદલામાં બીજાને ખપ લાગવાની તેની ફરજ છે. તે ફરજ તેને વારસામાંથી—માનું દૂધ પીને તે મોટો થાય છે



ત્યારથી—છેક ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થાય છે. તે ફરજનું તેણે બરાબર પાલન કરવાનું છે, કેમકે પરસ્પરનાં પ્રેમ, બળ ને સહકારથી જ આ સંસાર ચાલે છે. સૌની અંદર પરમાત્માનું દર્શન કરતાં શીખવું ને સૌને બની શકે તે રીતે ને તેટલા પ્રમાણમાં મદદરૂપ થવા તૈયાર રહેવું એ વિવેકી માનવનું જીવનવ્રત હોવું જોઇએ.

## (૪) કર્મની ફિલસૂફી

જે માણસ આવી પ્રભુમય દૃષ્ટિથી ને ત્યાગભાવનાથી કર્મ કરે તેના કર્મમાં કેટલું બધું બળ હોય! તેનું કર્મ ગંગાના પ્રવાહ જેવું પવિત્ર ને સતત હોય છે. જીવનની વિશુદ્ધિ ને પરમાત્માની પ્રાપ્તિ માટે તે કર્મ એક અદ્‌ભુત રસાયનરૂપ થઇ પડે છે. જીવનની ઉન્નતિ કે ઉજ્જવળતામાં તેનો ફાળો બહુ જ મોટો હોય છે. તે કર્મ કોઇ કોરું કર્મ નહીં પરંતુ જીવનના વિકાસ ને શ્રેયની સાધના બની જાય છે. ઉપનિષદના ઋષિએ એવા જ વિવેકયુક્ત કર્મનો ઉપદેશ આપ્યો છે. વિવેકને નેવે મૂકીને અથવા જીવનના શ્રેયની સાથે છૂટાછેડા લઇને આંખો મીંચીને જે કર્મ કરવામાં આવે છે તે ઉપનિષદના ઋષિને માન્ય નથી. તેથી તે આવી કલાત્મક રીતે યોગ્ય કર્મ કરીને જીવનને સાધનામય બનાવી દેવાનો આદેશ આપે છે અથવા કહો કે તેવી ભલામણ કરે છે.

એવી રીતે ઉત્તમ કર્મ કરનાર માણસ સમાજ કે સંસારની શોભારૂપ છે. તે વધારે જીવે તેમાં સૌને લાભ છે. તેવા માણસે પોતે પણ દીર્ઘ જીવનની ઇચ્છા રાખવી એવી ઉપનિષદની સૂચના છે. તે દીર્ઘ જીવન પૃથ્વીને પીડારૂપ નહીં પણ મદદરૂપ

હશે; ભૂમિને ભારરૂપ થવાને બદલે ભૂમિનો ભાર હલકો કરશે ને અનેક જીવોને સુખ, શાંતિ ને પ્રેરણા આપનારી ફોરમ ફેલાવશે. પ્રવાહના પાણીની પેઠે તે અનેકની તરસ મટાડશે ને જીવતીજાગતી જ્યોતિ થઇને કેટલાંયના અંધકાર ભરેલા જીવનમાં પ્રકાશ પાથરશે. તેવું જીવન ઈશ્વરની કૃપાના અનુપમ ને ઉત્તમ નમૂનારૂપ હશે. સંસારમાં શ્વાસ લેશે, જુદીજુદી જાતનાં કર્મ કરશે તોપણ તે જીવનને ડાઘ નહીં લાગે, તેમાં ગંદકી નહીં જાગે, ને ઈશ્વરની સાથે એનું અનુસંધાન સદા ચાલુ રહેવાથી સંસારમાં તે આસક્ત નહીં થાય ને ઈશ્વરથી વિમુખ પણ નહીં બને. કર્મની સાધના ને કળા આવી છે. નાના છોડની આજુબાજુ જેમ વાડ કરવામાં આવે છે. તેમ કર્મની આજુબાજુ ઈશ્વરસ્મરણ ને ઈશ્વરી નિષ્ઠાની વાડ થઇ જાય તો કર્મ જીવનને માટે મંગલમય બની શકે, કહો કે યજ્ઞનું કામ કરી શકે. ઉપનિષદના ઋષિ એવા કર્મ માટે ભલામણ કરે છે ને તેની ફિલસૂફીને ટેકો આપે છે. યજ્ઞરૂપે ઉત્તમ કર્મો કરવાની આ ભાવના અહીં બીજરૂપે છે. તે જ ભાવના ગીતામાં વિશાળ વૃક્ષના રૂપમાં પ્રકટ થઇ છે. ભારતીય સાધનાને સમજવા માટે કર્મની આ ભાવનાનું રહસ્ય સંપૂર્ણ રીતે સમજી લેવું જોઇએ.

એટલે સંસારનો તિરસ્કાર નહીં, સંસાર તરફ આંખમીંચામણાં નહીં, ને સંસારના પદાર્થ કે સુખનો ત્યાગ નહીં, પરંતુ નિર્લેપતા અથવા અનાસક્તિ જ ભારતની જીવનદૃષ્ટિ છે. આપણા જીવનનો સાર આ જ હોઇ શકે. બાહ્ય ત્યાગ કેટલીક વાર જરૂરી હોય છે ખરો, પરંતુ તે તો સાધન છે. તેનો લાભ લઇને માણસ પરમાત્માની વધારે વધારે પાસે પહોંચી છેવટે



સંસારમાં અનાસક્ત—ભાવે શ્વાસ લેતાં શીખવાનું છે. રાજા જનક ને ભગવાન કૃષ્ણ એવા જ અનાસક્તિના જ્યોતિર્ધરો હતા, કોઇ મને પૂછે કે ભારતની સાધનાનું સરવૈયું શું અથવા તેના સારભાગને બે વાતોમાં કહી બતાવો તો હું તેને એટલો જ ઉત્તર આપું રે પરમાત્માની પ્રાપ્તિ ને અનાસક્તિ ભારતીય સાધનાનો આ સારભાગ છે, કહો કે તેનું ડાબું ને જમણું હૃદય છે. પંખીની બે પાંખની જેમ ભારતીય સંસ્કૃતિ આ બે પાંખે ઊડે છે. આ તેની ઢાલ—તરવાર છે. આ બેનો સુવર્ણસંગમ જેના જીવનમાં થાય તેના જીવનમાં ગંગા ને જમના કરતાં પણ વધારે પાવનતા પ્રકાશી ઊઠે. તેનું જીવન મંગલ તીર્થ જેવું પ્રાણવાન બની જાય. ઈશવાસ્યોપનિષદના પહેલા બે શ્લોકમાં સંસ્કૃતિની એ બંને બાજુનો ચિતાર મળે છે. તેના પર જેટલું મનન થાય તેટલું ઓછું છે.

★ પ્રભુ ભક્તનો ધારેલો સંકલ્પ પૂર્ણ કરવા પૂરા સહાયક બને છે.

★ પરમાત્માના દિવ્યભાવને આપણા તોલમાપથી ન માપવા.

★ સૌને માથે સમર્થ ધણી છે.

★ પ્રભુને આપણી દરેક ગૂંચમાં કામ કરવું છે પણ આપણે જ એને રસ્તો આપવો પડશે.

—મા

# રસેશ્વરી

શ્રી યોગેશ્વરજી

## ૨ત્ન

વાંસળી વગાડતા કૃષ્ણે વૃંદાવનના પ્રશાંત વનપ્રદેશમાં વિહરતા વૃંદાવનની ભૂમિ તરફ પ્રયાણ કર્યું.

એનો સુમધુર ધ્વનિ સાંભળીને ગોપીઓ પોતાનાં હૃદયને રોકી ના શકવાથી ઘરની બહાર નીકળી આવી.

એ કૃષ્ણનાં દૈવી દર્શન માટે તલસી રહી.

કૃષ્ણનાં દર્શનથી એમને શાંતિ મળી.

એના મુખમધુનું એ એકાગ્રચિત્તે પ્રસન્નતાપૂર્વક પાન કરવા લાગી.

કૃષ્ણ યમુનાતટ પર કદંબવૃક્ષની નીચે બેસીને પોતાના સુમધુર સંગીતસ્વરથી દિશાપ્રદિશાને ભરવા લાગ્યા.

દિશાપ્રદિશાઓ એના અમૃતરસથી આપ્લાવિત બની ગઇ.

સમસ્ત પ્રકૃતિ આનંદથી નર્તન કરી ઊઠી.

વૃંદાવનમાં આવેલી રાધા સુપ્રિયા સાથે એ વખતે ત્યાં આવી પહોંચી.

બંશીનો નાદ સાંભળીને એનું મન પ્રથમથી જ મુગ્ધ બનેલું.

એ કૃષ્ણની પાસે આવીને ઊભી રહી ત્યારે અસાધારણ દૃશ્ય ઉપસ્થિત થયું.

જાણે કે પરમપુરુષ અને પ્રકૃતિનું મંગલમય મહામિલન થયું.

બંને એકમેકની તરફ જોઇ રહ્યાં.



એ દૃષ્ટિ એકદમ અનોખી હતી.

એમાંથી અનુરાગની સુખદ શાંતિકારક સરિતા વહેવા લાગી.

દૃષ્ટિ મૂક હોવા છતાં એમાંથી કવિતાની પરંપરા પ્રકટી.

બંનેના અંતર આહ્લાદથી ઉભરાઇ રહ્યાં.

થોડાક વખત પછી કૃષ્ણે વાંસળી વગાડવાનું બંધ કર્યું ત્યારે પણ એના સુમધુર સ્વર વાતાવરણને સુધાસભર કરતા ફરી રહ્યા.

ગોપીઓ પાછી ફરવા લાગી.

કૃષ્ણે રાધા પાસે પહોંચીને પૂછ્યું :

'તું પાછી આવી ગઇ? બરસાનામાં બે—ચારને બદલે ઘણા દિવસ રહી!'

રાધાએ કહ્યું :

'બરસાનામાં તો મારું શરીર ગયેલું, મન નહીં. મન તો તારી પાસે, તારા સુંદર સ્વરૂપની આજુબાજુ જ વિહાર કરતું. એ દૃષ્ટિએ કહું તો મને ઘણા દિવસ નથી થયા. હું તારાથી અલગ પડી જ નથી. અલગ કેવળ શરીર પડેલું અને એ પણ હવે આવી પહોંચ્યું. તારું મન મને મૂકીને ગોકુલવૃંદાવનની મધુમય ભૂમિકામાં વિહાર કરતું હશે ખરું, પરંતુ મારું મન તો તારો ત્યાગ નથી કરી શક્યું.'

'મારું મન પણ તારો ત્યાગ નથી કરી શક્યું, રાધા! એ કદી પણ તારો ત્યાગ કરી શકે તેમ છે? તેવી કલ્પના પણ કરી શકે છે? તું બરસાના ગઇ ત્યારથી આજ સુધી એક દિવસ તો શું એક પ્રહર પણ એવો નથી ગયો જ્યારથી મારું મન તારાથી દૂર રહ્યું

હોય. પ્રત્યેક પળે ને વિપળે મારું મન તારું સ્મરણ કરતું જ રહ્યું છે.'

સુપ્રિયા વચ્ચે બોલી :

'રાધાનું હૃદય જ એવું રસમય તથા મંત્રમુગ્ધ છે કે એ તારું વિસ્મરણ કદાપિ નથી કરી શકે તેમ. તારું તો શું, મારું પણ નહીં. મારો સ્નેહ છેક જ સાધારણ હોવા છતાં એને અસાધારણ કરીને માની લીધો છે.'

'મેં એને અસાધારણ કરીને માની લીધો નથી, સુપ્રિયા!' રાધા કહેવા માંડી; 'એ છે જ અસાધારણ. મારા જીવનમાં તારા તથા કૃષ્ણના પવિત્ર પ્રેમની પ્રાપ્તિ થઈ એ મારું મોટામાં મોટું સદ્ભાગ્ય છે. તમારા બંનેને લીધે તો મારું જીવન ઉત્સવમય બની ગયું છે. એ વસ્તુ સાધારણ નથી, અતિશય અસાધારણ છે.'

કૃષ્ણે રાધા તથા સુપ્રિયા સાથે આગળ વધતાં જણાવ્યું :

'મારું જીવન પણ તારે લીધે ઓછું રસમય નથી બન્યું, રાધા! વૃંદાવનની પવિત્ર પ્રશાંત ભૂમિ તારા સિવાય સાવ સૂની લાગતી હતી. આજે એ આનંદમય અને ભરી ભરી બની ગઈ.'

'આનંદ તો જ્યાં તું હોય ને તારી બંસીના સ્વર હોય ત્યાં જ હોય જ.'

'છતાં પણ રાધા, તારા વિના એ આનંદ અધુરો છે. તારા વિના બહારના બધા રસમાં ત્રુટિ છે. તું પોતે રસસ્વરૂપા હોવાથી જેનાથી દૂર રહે તે રસમય કેવી રીતે રહી શકે? તું પાછી આવી એટલે આ પાવન પ્રદેશનો પ્રાણ પાછો આવ્યો. તેને પુનર્જીવનની પ્રાપ્તિ થઈ એનો આત્મા આનંદમય બની ગયો.'

રાધા બે—ચાર ડગલા આગળ ચાલીને બોલી :



'હું વૃંદાવનમાં આવત જ નહીં તો? તો તું શું કરત?'

'તારો સવાલ સમયાનુરૂપ છે, રાધા! પરંતુ તું પાછી આવે નહીં એ બની શકે ખરું? મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે તું પાછી આવશે જ. છતાં તું ના જ આવત તો હું બરસાના આવત.'

'અને હું પણ.' સુપ્રિયા બોલી.

રાધાએ કહ્યું :

'મને પણ પ્રેમીજનનો વિયોગ મીઠો તો નથી જ લાગતો. ભયંકર ઝેરી નાગ જેવી રીતે તળાવ, કુંડ, સરોવર કે સરિતાના પાણીને દૂષિત કરી દે છે, ને જીવલેણ બનાવે છે તેમ, વિયોગની વિષવેદના હૃદયને રડાવે છે, મનને મુંઝવણથી ભરી દે છે, મ્લાન કરે છે, અને જીવનને નિર્જીવ કે જડ કરીને આત્માને આનંદ રહિત બનાવી દે છે. મારો અનુભવ તો એવો જ છે.'

'વિયોગ મીઠો તો નથી જ.' કૃષ્ણે કહ્યું : 'છતાં પણ એવા અવસર પણ ઉપસ્થિત થાય છે જ્યારે એને મધુમય માનીને જીવવું પડે છે. જીવનમાં પેદા થતા મલિન અને વિરહના, પ્રાપ્તિ અને અપ્રાપ્તિના, લાભ તેમજ હાનિના, પ્રસંગો પોતાની ઈચ્છા પ્રમાણે નથી પેદા થતા. એ વિરોધાભાસી પ્રસંગોમાં મનને સ્થિર રાખ્યા વગર છૂટકો નથી. સ્થિરતાની એ ઉચ્ચ કળામાં કુશળ બનવું જોઈએ.'

કૃષ્ણ કાંઈક વિચારમાં પડી ગયા ને બોલ્યા :

'મને એક વાતનું સ્મરણ થઈ આવ્યું.'

'કઈ વાતનું?'

'એક અત્યંત મહત્ત્વની વાતનું.'

'એટલે?'

(ક્રમશઃ)